नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૪૨

# દશવૈકાલિક

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૨

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪૨) દશવૈકાલિક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020    સોમવાર    તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક  અને  સંપાદક

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob    Mobile: - 09825967397

Web address:-   (1) www.jainelibrary.org,   (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

| ૪૫ આગમ વર્ગીકરણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૪૨ 'દશવૈકાલિક'

## મૂલ સૂત્ર– ૩ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યયન–૧ દ્રુમપુષ્પિકા | ૦૬ | ૭ | અધ્યયન–૭ વાક્યશુદ્ધિ | ૨૬ |
| ૨ | અધ્યયન–૨ શ્રામણ્યપૂર્વ | ૦૭ | ૮ | અધ્યયન–૮ આચારપ્રણિધિ | ૨૯ |
| ૩ | અધ્યયન૩ ક્ષુલ્લકાચારકથા | ૦૮ | ૯ | અધ્યયન–૯ વિનયસમાધિ | ૩૩ |
| ૪ | અધ્યયન૪ છ જીવનિકાય | ૦૯ | ૧૦ | અધ્યયન–૧૦ તે–ભિક્ષુ | ૩૮ |
| ૫ | અધ્યયન–૫ પિંડૈષણા | ૧૪ | ૧૧ | ચૂલિકા–૧ રતિવાક્ય | ૪૦ |
| ૬ | અધ્યયન–૬ મહાચારકથા | ૨૨ | ૧૨ | ચૂલિકા–૨ વિવિક્તચર્યા | ૪૨ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય (કુલ પુસ્તક) **518**

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૪૨] દશવૈકાલિક

## મૂલસૂત્ર–૩– ગુજરાતી ભાવાનુવાદ

## અધ્યયન-૧ 'દ્રુમપુષ્પિકા'

**સૂત્ર–૧**

ધર્મ ઉત્કૃષ્ટ મંગલછે. તે ધર્મ – અહિંસા, સંયમ, તપરૂપ છે, જેનું મન સદા ધર્મમાં લીન છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

**સૂત્ર–૨**

જે પ્રમાણે ભ્રમર, વૃક્ષોના પુષ્પમાંથી થોડો–થોડો રસ પીવે છે પણ પુષ્પને પીડા નથી કરતો અને પોતાને પણ તૃપ્ત કરી લે છે. તેમ –.

**સૂત્ર–૩**

એ પ્રમાણે લોકમાં જે આરંભ આદિ ક્રિયાથી મુક્ત સાધુ છે. તેઓ પુષ્પમાં ભમરાની જેમ દાન–(ભોજન)ની ગવેષણામાં અર્થાત નિર્દોષ આહાર આદિ પ્રાપ્ત કરવામાં આસક્ત રહે છે.

**સૂત્ર–૪**

તે શ્રમણો કહે છે કે– અમે એવી વૃત્તિ એટલે કે આજીવિકા પ્રાપ્ત કરીશું, જે કોઈ જીવને પીડાકારી ન થાય. જેમ ભ્રમર અનાયાસ પુષ્પોમાં ચાલ્યા જાય છે. તેમ શ્રમણો પણ ગૃહસ્થ દ્વારા પોતાના માટે સહજ બનાવેલા આહારને લેવા તેમના ઘરોમાં જાય છે..

**સૂત્ર–૫**

જે બુદ્ધ અર્થાત તત્ત્વના જાણકાર પુરુષ, મધુકર એટલે કે ભ્રમર સમાન અનિશ્રિત(પ્રતિબંધ રહિત) છે, તેઓ વિવિધ અભિગ્રહોથી યુક્ત થઈને પિંડમાં(આહાર ગ્રહણ કરવામાં) રત(પ્રવૃત્ત) તેમજ દાંત(ઈન્દ્રિયોનું દમન કરનાર) છે. તેને તે ગુણોને કારણે સાધુ કહે છે – તેમ હું તમને કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧ નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૨ 'શ્રામણ્યપૂર્વક'

**સૂત્ર–૬**

જે પુરુષ કામભોગનું નિવારણ ન કરી શકે, તે સંકલ્પને વશીભૂત થઈને પગલે–પગલે વિષાદ પામતો, શ્રામણ્યનું (સંયમભાવનું) પાલન કઈ રીતે કરશે ?

**સૂત્ર–૭**

જે સાધુ પરવશતાથી વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રીઓ, શય્યા અને આસન આદિનો ઉપભોગ કરતા નથી, તે ત્યાગી કહેવાતા નથી.

**સૂત્ર–૮**

જે પુરુષ કાંત(મનોહર) અને પ્રિય ભોગ પ્રાપ્ત થાય તો પણ તે તરફથી પોતાની પીઠ ફેરવી લે છે અને સ્વાધીન રૂપે પ્રાપ્ત ભોગોનો ત્યાગ કરે છે, તેને ત્યાગી કહેવાય છે.

**સૂત્ર–૯**

સમભાવની પ્રેક્ષા(દૃષ્ટિ)થી વિચરતા એવા સાધુનું મન કદાચ સંયમથી બહાર નીકળી જાય તો તે સ્ત્રી કે કામ્યવસ્તુ મારી નથી અને હું પણ તેનો નથી એમ વિચારી, તેના તરફથી પોતાનો રાગ ખસેડી લે.

**સૂત્ર–૧૦**

આતાપના લે, સુકુમારતાનો ત્યાગ કર, કામભોગોનો અતિક્રમ કર, દુઃખ સ્વયં જ અતિક્રાંત થશે. દ્વેષભાવનું છેદન કર, રાગભાવને દૂર કર. એમ કરવાથી તું સંસારમાં સુખી થઈશ.

**સૂત્ર–૧૧ થી ૧૪**

૧૧. અગંધન કુળમાં ઉત્પન્ન સર્પ પ્રજ્વલિત દુઃસ્સહ અગ્નિમાં કૂદી જાય છે, પણ વમન કરેલ વિષને પાછું પીવાની ઇચ્છા કરતા નથી.

૧૨. હે અપયશના કામી ! તને ધિક્કાર છે, કે તું અસંયમી જીવનને માટે વમન કરેલને પાછું પીવા ઇચ્છે છે. આના કરતા તો તું મરી જાય તે જ યોગ્ય છે.

૧૩. હું ભોજરાજાની પુત્રી રાજીમતી અને તું અંધક–વૃષ્ણિનો પુત્ર રથનેમિ છે. ગંધનકુળના સર્પ સમાન ન થઈએ. તેથી તું સ્થિરચિત્ત થઈને સંયમનું પાલન કર. કેમ કે.

૧૪. તું જે–જે સ્ત્રીઓને જોઈશ, તેના પ્રત્યે જો આવો રાગ ભાવ કરીશ તો વાયુથી આહત હડ વનસ્પતિ માફક અસ્થિરાત્મા થઈ જઈશ.

**સૂત્ર–૧૫, ૧૬**

૧૫. તે સંયતી–રાજીમતીના સુભાષિત વચનો સાંભળીને તે રથનેમિ, અંકુશથી હાથી સ્થિર થાય તેમ સ્થિર થઈ ગયા.

૧૬. સંબુદ્ધ, પ્રવિચક્ષણ અને પંડિત આમ જ કરે છે. તે પુરુષોત્તમ રથનેમિની માફક ભોગોથી નિવૃત્ત થઈ જાય છે. –૦– તેમ હું તમને કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૩ 'ક્ષુલ્લિકાચારકથા'

**સૂત્ર–૧૭ થી ૨૬**

૧૭. જેનો આત્મા સંયમમાં સુસ્થિત છે, જે વિપ્રમુક્ત(બાહ્ય અભ્યંતર પરિગ્રહથી રહિત) છે. જે ત્રાતા (સ્વ–પરના રક્ષક) છે, તે નિર્ગ્રન્થ મહર્ષિને માટે આ અનાચીર્ણ – અગ્રાહ્ય છે.

૧૮ થી ૨૫. અનાચીર્ણોના નામો –

૧૮. ઔદ્દેશિક આહારાદિ લેવા, ક્રીત સાધુ માટે ખરીદેલ આહાર આદિ લેવા, નિત્યાગ્ર–આમંત્રણથી આહારાદિ લેવા, અભ્યાહૃત–સામેથી લાવેલ આહારાદિ લેવા, રાત્રિભોજન, સ્નાન, સુગંધ, પુષ્પમાળા, વીંઝણો વાપરે.,

૧૯. સંનિધિ–ખાદ્ય વસ્તુનો સંચય, ગૃહસ્થના પાત્રમાં ભોજન, રાજા માટે બનાવેલ આહાર, સામેથી પૂછીને બનાવાતો આહાર લે, સંબાધન–અંગોપાંગ મર્દન).

૨૦.અષ્ટાપદ(જુગાર રમવો), નાલિકા(પાસા રમવા), છત્ર ધારણ કરવું, ચિકિત્સા કરાવવી, ઉપાનત(પગમાં પગરખા પહેરવા), જ્યોતિ(અગ્નિનો) સમારંભ.

૨૧. શય્યાતરનો આહાર લેવો, આસંદી(માંચી પર)બેસવું, પલંગ પર બેસવું. ગૃહસ્થને ઘેર બેસવું, ગાત્ર ઉદ્‌વર્તન(શરીર પર પીઠી કડવી વગેરે ક્રિયા કરવી.

૨૨. ગૃહસ્થની સેવા કરવી, જાતિ આદિ પ્રગટ કરી આજીવિકા ચલાવવી, સર્વથા અચિત્ત ન થયા હોય તેવા પદાર્થોનો આહાર કરવો, ભૂખ આદિથી પીડિત થઈ સ્વજન આદિનું સ્મરણ કરવું,

૨૩. જીવરહિત ન થયેલ હોય તેવા સચિત્ત મૂળા,સચિત્ત આદુ, સચિત્ત શેરડી, સચિત્તકંદ, સચિત્તમૂલ, કાચા ફળ, કાચા બીજ.

૨૪. સચિત્ત સંચળ, સેંધાલૂણ, રોમક લવણ, સામુદ્રી મીઠું, પાંશુ ખારો, કાળું લવણ,

૨૫. ધૂપન, વમન, વસ્તિકર્મ, વિરેચન, અંજન, દાંત રંગવા, શર્રરને તેલ આદિ લગાડવા,, વિભૂષા કરવી.

૨૬. જે સંયમ તપમાં ઉદ્યુક્ત છે, લઘુભૂત વિહારી છે, નિર્ગ્રન્થ મહર્ષિ છે, તેમના માટે આ બધું અનાચીર્ણ છે.

**સૂત્ર–૨૭ થી ૩૧**

૨૭. સાધુઓ પાંચ આશ્રવને સારી રીતે જાણીને તેનો ત્યાગ કરનાર, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, છ જીવનિકાયમાં સંયત, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનારા, ધીર અને ઋજુદર્શી હોય છે.

૨૮. સુસમાહિત સંયમી ગ્રીષ્મમાં આતાપના લે, હેમંતમાં અપ્રાવૃત્ત રહે, વર્ષામાં પ્રતિસંલીન રહે છે.

૨૯. તે મહર્ષિઓ પરીષહ શત્રુનું દમન કરે છે, મોહને પ્રકંપિત કરે છે, જિતેન્દ્રિય થઈ બધા દુઃખોનો નાશ કરવાને પરાક્રમ કરે છે.

૩૦. દુષ્કરનું આચરણ કરીને તથા દુઃસ્સહને સહન કરીને, તેમાના કેટલાક દેવલોકમાં, કેટલાક નીરજ થઈ મોક્ષમાં જાય છે.

૩૧. સિદ્ધિ માર્ગને પ્રાપ્ત અને ત્રાતા એવા તે સંયમ અને તપ દ્વારા પૂર્વ કર્મોનો ક્ષય કરીને પરિનિવૃત્ત થાય છે – તેમ હું કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૩ નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૪ 'છ જીવનિકાય'

## સૂત્ર-૩૨/૧

મેં તે આયુષ્યમાન ભગવંતે એ પ્રમાણે કહે છે તે સાંભળેલ છે કે – આ 'છ જીવનિકાય' નામક અધ્યયન નિશ્ચે કાશ્યપગોત્રીય શ્રમણ ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત, સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે. આ 'ધર્મ પ્રાપ્તિ'નું અધ્યયન મારા માટે શ્રેષ્ઠ છે.

## સૂત્ર-૩૨/૨

તે છ જીવનિકાય અધ્યયન કેવું છે ?

જે કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવંત મહાવીર દ્વારા પ્રવેદિત, સુઆખ્યાત, સુપ્રજ્ઞપ્ત છે. જે ધર્મ પ્રજ્ઞપ્તિનું અધ્યયન મારે શ્રેયસ્કર છે ? તે આ છે –

પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક. શસ્ત્ર પરિણત સિવાય પૃથ્વી સચિત્ત છે, તે અનેક જીવો અને પૃથક્ સત્વોવાળી છે. આ પ્રમાણે શસ્ત્ર પરિણતને છોડીને અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય સજીવ કહેલ છે. તે અનેક જીવો અને પૃથક્ સત્વોવાળા છે.

વનસ્પતિકાયના પ્રકાર આ છે – અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરુહ, સંમૂર્ચ્છિમ, તૃણ અને લતા. શસ્ત્ર પરિણત સિવાય આ વનસ્પતિકાયિક જીવ બીજ પર્યન્ત સચેતન કહેવાયેલ છે. તે અનેક જીવ છે અને પૃથક્ સત્વોવાળા છે.

જે આ અનેક પ્રકારના ત્રસ પ્રાણી છે, તે આ પ્રમાણે – અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્ચ્છિમજ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક.

જે કોઈ પ્રાણીમાં અભિક્રમણ, પ્રતિક્રમણ, સંકુચિત, પ્રસારિત, શબ્દ કરવો, ભ્રમણ કરવું, ત્રસ્ત થવું, ભાગવું આદિ ક્રિયાઓ થાય તથા જે આગતિ અને ગતિના વિજ્ઞાતા હોય તે બધા ત્રસ જીવો છે.

જે કીટ, પતંગ, કુંથુ, કીડી છે, તે બધા બે ઇન્દ્રિયો, બધા તેઇન્દ્રિયો, બધા ચઉરિન્દ્રિયો, બધા પંચેન્દ્રિયો, બધા તિર્યંચયોનિક, બધા નારક, બધા મનુષ્યો, બધા દેવો અને બધા પ્રાણી પરમ દુઃખી છે, સુખના ઈચ્છુક છે. આ છઠ્ઠો જીવનિકાય ત્રસકાય કહેવાય છે.

## સૂત્ર-૩૩

આ છ જીવનિકાયોનો સ્વયં દંડ સમારંભ ન કરે, બીજા પાસે દંડ સમારંભ ન કરાવે, દંડ સમારંભ કરનાર બીજાને અનુમોદે નહીં.

હે ભગવન્! જાવજ્જીવને માટે ત્રણ કરણ અને ત્રણ યોગથી, મન-વચન-કાયાથી, હું હિંસા. કરું નહીં, કરાવુ નહીં, કરનાર અન્યને સારા જાણુ નહીં. હે ભગવન્! હું તે હિંસાને. પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, આત્માને વોસીરાવુ છું.

## સૂત્ર-૩૪

ભગવન્! પહેલાં મહાવ્રતમાં પ્રાણાતિપાતથી વિરમણ.

ભગવન્! હું સર્વ પ્રકારના પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું. તે સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જે કોઈ પ્રાણી છે તેના પ્રાણોનો અતિપાત – હિંસા સ્વયં ન કરું, બીજા પાસે અતિપાત ન કરાવું, પ્રાણનો અતિપાત કરનારને અનુમોદું નહીં. જાવજ્જીવને માટે ત્રિવિધ – ત્રિવિધે અર્થાત્. મન-વચન-કાયાથી હું પ્રાણાતિપાત. કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદું નહીં.

ભગવન્ ! હું તે પ્રાણાતિપાતને પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું અને પાપકર્મ કર્તા આત્માનો ત્યાગ કરું છું.

ભગવન્ ! હું પહેલાં મહાવ્રત પાલન. માટે ઉપસ્થિત થયો છું. સર્વથા પ્રાણાતિપાતથી વિરમું છું.

સૂત્ર-૩૫

હવે પછી – ભગવન્ ! બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમણ.

ભગવન્ ! હું મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરું છું. તે ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી છે. હું સ્વયં મૃષા બોલું નહીં, બીજા પાસે મૃષા બોલાવું નહીં, મૃષા બોલનારનું અનુમોદન ન કરું. જાવજ્જીવને માટે, ત્રિવિધ ત્રિવિધે – મન, વચન, કાયાથી કરું નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદું નહીં.

ભગવન્! હું તે મૃષાવાદને પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું. મૃષાવાદ યુક્ત. આત્માને વોસિરાવુ છું.

ભગવન્! બીજા મહાવ્રતમાં ઉપસ્થિત થયેલો હું સર્વથા મૃષાવાદથી વિરમેલ છું.

સૂત્ર-૩૬

હવી પછી – ભદન્ત ! ત્રીજું મહાવ્રત – અદત્તાદાનથી વિરતિ.

ભદન્ત ! હું સર્વે અદત્તાદાનનું પચ્ચક્ખાણ કરું છું. તે ગામમાં, નગરમાં, અરણ્યમાં કરે. થોડું – વધુ – સૂક્ષ્મ – સ્થૂળ, સચિત્ત કે અચિત્ત હોય. તે અદત્ત હું સ્વયં ગ્રહણ ન કરું, બીજા પાસે અદત્ત ગ્રહણ કરાવું નહીં, અદત્ત ગ્રહણ કરતા બીજાને અનુમોદુ નહીં. જાવજ્જીવને માટે ત્રિવિધ ત્રિવિધે – મનથી, વચનથી, કાયાથી કરું નહીં, કરાવુ નહીં, કરનારને અનુમોદુ નહીં.

ભગવન્ ! તે અદત્ત-આદાનને પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, અદત્તાદાન યુક્ત મારા. આત્માને તજુ છું.

ભદન્ત ! હું ત્રીજા મહાવ્રતમાં ઉપસ્થિત થયો છું જેમાં. સર્વ અદત્તાદાનથી વિરમવાનું છે.

સૂત્ર-૩૭

હવે પછી – ભદન્ત ! ચોથા મહાવ્રતમાં મૈથુનથી વિરમણ હોય.

ભગવન્ ! હું બધા મૈથુનનો ત્યાગ કરુ છું. તે દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી છે. તે મૈથુન હું સ્વયં સેવુ નહીં, બીજા પાસે સેવડાવુ નહીં. મૈથુન સેવનાર અન્યને અનુમોદુ નહીં. જાવજ્જીવને માટે ત્રિવિધ ત્રિવિધે અર્થાત્ મન-વચન-કાયાથી, ન કરું – ન કરાવું – કરનારને ન અનુમોદું.

ભદન્ત ! તે મૈથુનને હું પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું. મૈથુન યુક્ત. આત્માને તજુ છું.

ભદન્ત ! હું ચોથા મહાવ્રતમાં ઉપસ્થિત થયો છું. તેમાં સર્વથા મૈથુનથી વિરમણ હોય છે.

સૂત્ર-૩૮

હવે પછી – પાંચમા મહાવ્રતમાં 'પરિગ્રહથી વિરમણ' હોય છે.

ભદન્ત ! હું સર્વે પરિગ્રહનો ત્યાગ કરુ છું. તે પરિગ્રહ આ રીતે – અલ્પ કે બહુ, અણુ કે સ્થૂળ, સચિત્ત કે અચિત્ત. હું સ્વયં પરિગ્રહનું પરિગ્રહણ ન કરું, બીજા પાસે પરિગ્રહ ગ્રહણ કરાવુ નહીં, પરિગ્રહ ગ્રહણ કરનાર બીજાનું અનુમોદન ન કરું. જાવજ્જીવને માટે ત્રિવિધ-ત્રિવિધે અર્થાત્. મન-વચન-કાયાથી, કરું નહીં – કરાવું નહીં – કરનારને અનુમોદુ નહીં.

ભદન્ત ! હું તે પરિગ્રહ ગ્રહણને પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, પરિગ્રહાસક્ત. તે આત્માને હું વોસિરાવુ છું.

ભદન્ત ! હું પાંચમા મહાવ્રતમાં ઉપસ્થિત છું જેમાં સર્વથા પરિગ્રહથી વિરમણ હોય.

સૂત્ર-૩૯, ૪૦

૩૯. હવે પછી – ભદન્ત ! છટ્ઠા વ્રતમાં રાત્રિભોજનથી વિરતિ હોય છે.

ભદન્ત ! હું બધા રાત્રિભોજનનો ત્યાગ કરુ છું. તે અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો રાત્રિમાં સ્વયં ઉપભોગ ન કરું, બીજા પાસે રાત્રિ ભોજન ન કરાવું, રાત્રિ ભોજન કરનાર બીજાને અનુમોદુ નહીં. જાવજ્જીવ ત્રિવિધ-ત્રિવિધે

અર્થાત્ મન-વચન-કાયાથી કરુ નહીં - કરાવુ નહીં - કરનારને અનુમોદુ નહીં.

ભદન્ત ! હું તે રાત્રિ ભોજન.ને પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, રાત્રિભોજન યુક્ત. આત્માને વોસિરાવુ છું.

ભદન્ત ! હું છઠ્ઠા વ્રતમાં ઉપસ્થિત થયો છું, જેમાં સર્વથા રાત્રિભોજનથી વિરત થવાનું હોય છે.

૪૦. આ પ્રમાણે હું પાંચ મહાવ્રત અને રાત્રિ ભોજનની વિરતિ રૂપ છઠ્ઠા વ્રતને આત્મહિતાર્થે સ્વીકારીને વિચરણ કરું છું.

સૂત્ર-૪૧

તે ભિક્ષુ કે ભિક્ષુણી, જે સંયત, વિરત, પાપકર્મનો પ્રતિષેધ અને પચ્ચક્ખાણ કરેલ છે, તે દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા –

પૃથ્વી, ભિત્તિ, શિલા, ઢેફું, સચિત્ત રજથી સંસૃષ્ટ શરીર કે વસ્ત્ર; આ બધાને હાથ, પગ, કાષ્ઠ, કાષ્ઠખંડ, આંગળી, શલાકા, શલાકા સમૂહ આમાના કોઈ વડે – આલેખન, વિલેખન, ઘટ્ટન કે ભેદન સ્વયં ન કરે, બીજા પાસે આલેખન આદિ ન કરાવે, આલેખન આદિ કરનારા બીજાને ન અનુમોદે. જાવજ્જીવને માટે ત્રણ કરણ - ત્રણ યોગથી અર્થાત્ મન-વચન-કાયાથી ન કરે - ન કરાવે - કરનારાને ન અનુમોદે.

ભદન્ત! હું તે પૃથ્વીકાયની વિરાધના.ને પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, આત્માને વોસિરાવુ છું.

સૂત્ર-૪૨

તે ભિક્ષુ કે ભિક્ષુણી, જે સંયત, વિરત, પાપકર્મનો પ્રતિષેધ અને પ્રત્યાખ્યાન કરેલા છે, તે દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા,

તે પાણી, ઓસ, હિમ, ધુમ્મસ, કરા, જલકણ, શુદ્ધ ઉદક, ભીંજાયેલી કાયા કે વસ્ત્રથી તે સસ્નિગ્ધ કાયા કે વસ્ત્રને, એક વાર કે વારંવાર ન સ્પર્શે, આપીડન કે પરપીડન ન કરે, આસ્ફોટન કે પ્રસ્ફોટન ન કરે, આતાપના કે પ્રતાપના ન કરે, બીજા પાસે એકવાર કે વારંવાર સ્પર્શ ઇત્યાદિ ન કરાવે, એ પ્રમાણે સ્પર્શ આદિ કરતા બીજાની અનુમોદના ન કરે.

ભદન્ત ! હું તે અપ્કાય વિરાધનાને પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું, તેવા આત્માને વોસિરાવુ છું.

સૂત્ર-૪૩

તે ભિક્ષુ કે ભિક્ષુણી, કે જે સંયત, વિરત, પ્રતિહત તથા પ્રત્યાખ્યાત પાપકર્મી છે; તે દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા;

અગ્નિ, અંગારા, મુર્મુર, અર્ચિ, જ્વાલા, અલાત, શુદ્ધ અગ્નિ, ઉલ્કા આ બધાને. ઉત્સિંચન, ઘટ્ટન, ઉજ્જ્વાલન કે નિર્વાપનને સ્વયં ન કરે, ઉત્સિંચનાદિ બીજા પાસે ન કરાવે, કોઈ ઉત્સિંચનાદિ કરતા હોય તેને અનુમોદન ન આપે. જાવજ્જીવને માટે ગણ કરણ. ત્રણ યોગથી અર્થાત્ મન-વચન-કાયાથી કરે નહીં, કરાવે નહીં, કરનારને અનુમોદે નહીં.

ભદન્ત ! તે અગ્નિ વિરાધનાને હું પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું અને તેવા આત્માને હું વોસિરાવુ છું.

સૂત્ર-૪૪

તે ભિક્ષુ કે ભિક્ષુણી, કે જે સંયત, વિરત, પ્રતિહત અને પ્રત્યાખ્યાન પાપકર્મી ભિક્ષુ કે ભિક્ષુણી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા,

ચામરથી, પંખાથી, તાલવૃંતથી, પત્રોથી, પત્રભંગોથી, શાખા કે શાખા ભંગોથી, મોરપીંછ કે મોરપંખથી, વસ્ત્ર કે વસ્ત્રના છેડાથી, પોતાના હાથ કે મુખથી, પોતાના શરીરને કોઈ બાહ્ય પુદ્ગલને સ્વયં ફૂંક ન મારે કે હવા ન દે, બીજા પાસે તેમ કરાવે નહીં કે તેમ કરનારને અનુમોદે નહીં, જાવજ્જીવને માટે આ વાયુકાય વિરાધના. ત્રિવિધે અર્થાત્ મન-વચન-કાયાથી ન કરે, ન કરાવે, કરનારને ન અનુમોદે.

ભદન્ત! તે વાયુકાય વિરાધનાને હું પ્રતિક્રમુ છું, નિંદુ છું, ગર્હુ છું અને તેવા આત્માને વોસિરાવું છું.

**સૂત્ર–૪૫**

તે ભિક્ષુ કે ભિક્ષુણી, કે જે સંયત, વિરત, પ્રતિહત, પ્રત્યાખ્યાત પાપકર્મી ભિક્ષુ કે ભિક્ષુણી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા,

બીજ–બીજ પ્રતિષ્ઠિત, રૂઢ–રૂઢ પ્રતિષ્ઠિત, જાત–જાત પ્રતિષ્ઠિત, હરિત–હરિત પ્રતિષ્ઠિત, છિન્ન–છિન્ન પ્રતિષ્ઠિત, સચિત્ત–સચિત્ત કોલ પ્રતિનિશ્રિત આ બધા ઉપર; ન ચાલે, ન ઊભો રહે, ન બેસે, ન પડખાં બદલે તે સ્વયં ન કરે, ન બીજાને ચલાવે આદિ, ચાલનાર આદિની અનુમોદના ન કરે. જાવજ્જીવને માટે આ વનસ્પતિ વિરાધના. ત્રિવિધ ત્રિવિધે અર્થાત્ મન – વચન – કાયાથી ન કરે, ન કરાવે, કરનારને ન અનુમોદે.

ભદન્ત ! તે વનસ્પતિ વિરાધનાને હું પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હુ છું, આત્માને તજુ છું.

**સૂત્ર–૪૬**

તે ભિક્ષુ કે ભિક્ષુણી, કે જે સંયત, વિરત, પ્રતિહત, પ્રત્યાખ્યાતપાપકર્મી ભિક્ષુ કે ભિક્ષુણી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં, સૂતા કે જાગતા

કીટ, પતંગ, કુંથુ કે કીડીને – હાથ પગ, બાહુ, ઉરુ, ઉંદર, મસ્તક, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછનક, રજોહરણ, ગુચ્છા, ઉડગ, દંડક, પીઠક, ફલક, શય્યા, સંસ્તારક કે બીજા તેવા પ્રકારના ઉપકરણ ઉપર ચડી જાય તો યતનાપૂર્વક પ્રતિલેખી – પ્રતિલેખી, પ્રમાર્જી–પ્રમાર્જી એકાંત સ્થાને લઈ જઈને રાખી દે પણ ભેગા કરીને ઘાત ન પહોંચાડે.

**સૂત્ર–૪૭ થી ૫૫**

જે સાધુ–સાધ્વી **૪૭.** અજયણાથી ગમન કરતા૦, **૪૮.** અજયણાથી ઊભા રહેતા૦, **૪૯.** અજયણાથી બેસતા૦, **૫૦.** અજયણાથી સૂતા૦, **૫૧.** અજયણાથી ખાતા૦, **૫૨.** અજયણાથી બોલતા૦,

આ છ એ ક્રિયા દ્વારા. ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. જેનાથી તે. પાપકર્મનો બંધ કરે છે, જે તેના માટે કટુ ફળ દેનાર થાય છે.

**૫૩.** સાધુ–સાધ્વી કઈ રીતે ચાલે ? કઈ રીતે ઊભે ? કઈ રીતે બેસે ? કઈ રીતે સૂવે ? કઈ રીતે ખાય કે કઈ રીતે બોલે ? તો પાપકર્મ ન બાંધે ?

**૫૪.** જયણાથી ચાલે, જયણાથી ઊભે, જયણાથી બેસે, જયણાથી સૂવે, જયણાથી ખાય, જયણાથી બોલે, તો તે પાપકર્મ ન બાંધે.

**૫૫.** જે બધા જીવોને આત્મતુલ્ય માને, સમ્યગ્ દૃષ્ટિથી જુએ, આશ્રયોને રોકે અને દાંત હોય તે પાપકર્મને બાંધતો નથી.

**સૂત્ર–૫૬ થી ૫૯**

**૫૬.** પહેલું જ્ઞાન પછી દયા એ પ્રમાણે બધા સંયત સ્થિત રહે. અજ્ઞાની શું કરશે? તે શ્રેય કે પાપને શું જાણશે?

**૫૭.** સાંભળીને જ કલ્યાણને જાણશે, સાંભળીને જ પાપને જાણશે, બંનેને સાંભળીને, જે શ્રેય છે, તેનું આચરણ કરે.

**૫૮.** જે જીવને જાણતો નથી, અજીવને જાણતો નથી. જીવાજીવને ન જાણતો. તે સંયમને કઈ રીતે જાણશે ?

**૫૯.** જે જીવને પણ જાણે છે, અજીવને પણ જાણે છે. જીવાજીવને જાણતો, તે જ સંયમને જાણી શકશે.

**સૂત્ર–૬૦ થી ૭૧**

**૬૦.** જે જીવને અને અજીવને, બંનેને વિશેષ રૂપે જાણે છે ત્યારે સર્વે જીવોની બહુવિધ ગતિને જાણે છે.

**૬૧.** જ્યારે સર્વે જીવોની બહુવિધ ગતિને જાણે છે, ત્યારે પુન્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે છે.

૬૨. જ્યારે પુન્ય, પાપ, બંધ, મોક્ષ જાણે છે ત્યારે જે દિવ્ય અને જે માનવીય ભોગ છે, તેનાથી વિરક્ત થાય.

૬૩. જ્યારે તે ઉક્ત ભોગોથી વિરક્ત થાય છે ત્યારે બાહ્ય અને અભ્યંતર સંયોગોનો ત્યાગ કરે છે.

૬૪. જ્યારે તે ઉક્ત સંયોગોનો ત્યાગ કરે છે. ત્યારે મુંડ થઈને અનગાર ધર્મમાં પ્રવ્રજિત થાય છે.

૬૫. જ્યારે ઉક્ત રીતે પ્રવ્રજિત થાય છે, ત્યારે ઉત્કૃષ્ટ સંવર રૂપ અનુત્તર ધર્મને સ્પર્શે છે.

૬૬. જ્યારે ઉક્ત અનુત્તર ધર્મને સ્પર્શે છે, ત્યારે અબોધિરૂપ પાપ દ્વારા કરેલ કર્મરજને ખંખેરી દે છે.

૬૭. જ્યારે ઉક્ત કર્મરજને ખંખેરી દે છે, ત્યારે સાર્વત્રિક જ્ઞાન અને દર્શનને પામી લે છે.

૬૮. જ્યારે સર્વત્રક જ્ઞાન–દર્શનને પામે ત્યારે તે જિન અને કેવલી થઈને લોક અને અલોકને જાણે છે.

૬૯. જ્યારે એ રીતે લોકાલોકને જાણે છે, ત્યારે યોગનિરોધ કરીને શૈલેશીપણાને પામે છે.

૭૦. જ્યારે ઉક્ત રીતે શૈલેશીપણાને પામે છે, ત્યારે કર્મો ખપાવીને, રજમુક્ત થઈ, સિદ્ધિને પામે છે.

૭૧. જ્યારે ઉક્ત રીતે સિદ્ધિને પામે છે, ત્યારે લોકના મસ્તકે સ્થિત થઈને શાશ્વત સિદ્ધ થાય છે.

**સૂત્ર–૭૨ થી ૭૫**

૭૨. જે શ્રમણ સુખનો રસિક છે, સાતાને માટે આકુળ છે, અત્યંત નિદ્રા લેનાર છે, વારંવાર હાથ–પગ ધોનાર છે, તેની સુગતિ દુર્લભ છે.

૭૩. જે શ્રમણ તપોગુણમાં પ્રધાન છે, ઋજુમતિ છે, ક્ષાંતિ અને સંયમમાં રત છે, પરિષહોને જિતનાર છે, તેની સુગતિ સુલભ છે.

૭૪. તે પાછલી અવસ્થામાં પ્રવ્રજિત થયેલ હોય તો પણ જેને તપ, સંયમ, ક્ષાંતિ અને બ્રહ્મચર્ય પ્રિય છે, તે જલદી જ દેવલોકમાં જાય છે.

૭૫. એ રીતે દુર્લભ શ્રમણત્વને પામીને સમ્યક્ દૃષ્ટિ અને સદા યતનાશીલ સાધુ આ છ જીવનિકાયની કર્મથી વિરાધના ન કરે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૪ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૫ 'પિંડૈષણા'

## અધ્યયન-૫, ઉદ્દેશો-૧

**સૂત્ર–૭૬, ૭૭**

૭૬. ભિક્ષાકાળ પ્રાપ્ત થતા અસંભ્રાત અને અમૂર્ચ્છિત થઈને આ ક્રમ–યોગથી ભોજન–પાનની ગવેષણા કરે.

૭૭. ગામમાં કે નગરમાં ગોચરાગ્રને માટે પ્રસ્થિત મુનિ અનુદ્વિગ્ન અને અવ્યાક્ષિપ્ત ચિત્તથી ધીમે ધીમે ચાલે.

**સૂત્ર–૭૮ થી ૮૩**

૭૮. આગળ યુગપ્રમાણ પૃથ્વીને જોતો તથા બીજ, વનસ્પતિ, પ્રાણી, અચિત્ત જળ અને માટીને વર્જતો ચાલે.

૭૯. અન્ય માર્ગ હોય તો સાધુ ખાડા વગેરે વિષય ભૂમિ ભાગ, ઠૂંઠા અને કાદવવાળા માર્ગને છોડી દે, તેને સંક્રમીને ઉપરથી ન જાય.

૮૦. તે ખાડા આદિથી પડતો કે સ્ખલિત થતો પ્રાણી અને ભૂતોની કે ત્રસ–સ્થાવરની હિંસા કરે છે.

૮૧. તેથી સુસમાહિત સંયમી સાધુ અન્ય માર્ગ હોય તો તે માર્ગથી ન જાય, માર્ગ ન હોય તો જયણાપૂર્વક તે માર્ગે જાય.

૮૨. સંયમી સાધુ અંગારા, રાખ, તુષના ઢગલા, છાણ ઉપર સચિત્ત રજયુક્ત પગથી તેને અતિક્રમીને ન જાય.

૮૩. વરસાદ વરસતો હોય, ધુમ્મસ પડી રહ્યુ હોય, મહાવાત ચાલતો હોય, માર્ગમાં તિર્યંચ સંપાતિમ જીવ ઊડતા હોય તો ભિક્ષાર્થે ન જાય.

**સૂત્ર–૮૪ થી ૮૬**

૮૪. બ્રહ્મચર્ય વશવર્તી શ્રમણ વૈશ્યાવાડાની નજીક થઈને ન જાય, કેમ કે બ્રહ્મચારી અને દાંત સાધુને મનમાં અસમાધિ થઈ શકે છે.

૮૫. અનાયતનમાં વારંવાર ફરતા મુનિને સંસર્ગથી વ્રતોની ક્ષતિ થાય અને તેના શ્રામણ્યમાં સંશય થાય.

૮૬. તેથી આને દુર્ગતિવર્ધક દોષ જાણીને એકાંતના આશ્રયમાં રહેનાર મુનિ વેશ્યાલય સમીપ ન જાય.

**સૂત્ર–૮૭ થી ૯૩**

૮૭. માર્ગમાં શ્વાન, નવપ્રસૂતા ગાય, ઉન્મત્ત બળદ, અશ્વ, હાથી, બાલક્રીડાસ્થાન, કલહ અને યુદ્ધનો દૂરથી જ ત્યાગ કરે.

૮૮. મુનિ ઉન્નત, અવનત, હર્ષિત કે આકુળ થઈને ન ચાલે, પણ ઈન્દ્રિયોના વિષયને દમન કરીને ચાલે.

૮૯. ઉચ્ચનીચકુળોમાં ગૌચરી માટે મુનિ સદા જલદીજલદી ન ચાલે, હાસ્ય કરતા કે બોલતા બોલતા ન ચાલે

૯૦. ઝરોખા, થિગ્ગલદ્વાર, સંધિ, જળગૃહ કે શંકા ઉપજે કરે તેવા સ્થાનને ઝાંકતો ન ચાલે, પણ તેનું વર્જન કરે

૯૧. રાજા, ગૃહપતિ, આરક્ષકના રહસ્ય સ્થાનને તથા સંકલેશ્વર સ્થાનોને દૂરથી છોડી દે.

૯૨. પ્રતિકુષ્ટકુળોમાં ન પ્રવેશે, મામક ગૃહને છોડી દે. અપ્રીતિકરકુળોમાં ન પ્રવેશે પણ પ્રીતિકરકુળોમાં જાય.

૯૩. આજ્ઞા લીધા વિના શણના બનેલ પડદા, વસ્ત્રાદિથી ઢાંકેલા દ્વાર સ્વયં ન ખોલે, કમાડ પણ નઉઘાડે

**સૂત્ર–૯૪**

ભિક્ષાર્થે પ્રવિષ્ટ થનાર સાધુ મળ–મૂત્રને ન અટકાવે. જો મળ–મૂત્રની બાધા થાય તો પ્રાસૂક સ્થાન જોઈ, અનુજ્ઞા લઈ, વોસિરાવે.

**સૂત્ર–૯૫ થી ૯૭**

૯૫. નીચા દ્વારવાળા કે અંધારા ઓરડામાં ગૌચરી ન લે. કેમ કે ત્યાં નેત્રો દ્વારા પોતાનો વિષય ગ્રહણ ન

થાય, પ્રાણીને જોઈ ન શકે.

૯૬. જે કોઠામાં પુષ્પ, બીજાદિ વિખરાયેલ હોય, જ્યાં તત્કાળ લીંપાયેલ હોય, ભીનું દેખાય, તો ત્યાં ન પ્રવેશે.

૯૭. સંયમી સાધુ ઘેટા, બાળક, કૂતરા કે વાછરડાને ઓળંગીને કે ખસેડીને તે ઓરડામાં પ્રવેશ ન કરે.

### સૂત્ર-૯૮ થી ૧૦૧

ગૌચરી માટે પ્રવેશેલ સાધુ – ૯૮. આસક્તિપૂર્વક ન જુએ, અતિ દૂર ન જુએ, આંખો ફાડી-ફાડીને ન જુએ, કંઈ ભિક્ષા ન મળે તો પણ કંઈ બોલ્યા વિના પાછો ફરે.

૯૯. અતિભૂમિ ન જાય, કુળની ભૂમિને જાણીને મિત ભૂમિ સુધી જ જાય.

૧૦૦. વિચક્ષણ સાધુ ત્યાં જ ઉચિત ભૂભાગને પ્રતિલેખે, સ્નાને અને શૌચ સ્થાન તરફ દૃષ્ટિપાત ન કરે.

૧૦૧. સર્વેન્દ્રિય સમાહિત ભિક્ષુ સચિત્ત પાણી અને માટી લાવવાનો માર્ગ તથા બીજ અને હરિતને વર્જીને ઊભો રહે.

### સૂત્ર-૧૦૨ થી ૧૦૪

૧૦૨. સાધુ ત્યાં ઊભો હોય તો, દેવા માટે લવાયેલ ભોજન અને પાનમાં અકલ્પિત ગ્રહણ ન કરે. કલ્પતું હોય તે જ ગ્રહણ કરે.

૧૦૩. ભોજન લાવતી કોઈ ગૃહિણી, ભોજનને નીચે પાડે, તે દેનારને ના પાડી દે કે – મને તેવા પ્રકારનો આહાર ન કલ્પે.

૧૦૪. પ્રાણ, બીજ અને વનસ્પતિનું સંમર્દન કરતા આહાર લાવતી અસંયમકારિણીને જાણીને, તેવા આહારનું વર્જન કરે.

### સૂત્ર-૧૦૫ થી ૧૦૯

૧૦૫. એ જ પ્રમાણે એકમાંથી બીજા વાસણમા નાખીને, સચિત્ત વસ્તુનો સંસ્પર્શ કરીને તથા સચિત્ત પાણી હલાવીને, સચિત્ત પાણીમાં અવગાહન કરીને,

૧૦૬. ચલિત કરીને આહાર-પાણી લાવે તો મુનિ તેને નિષેધ કરીને કહે કે – "મને આ પ્રકારે લેવું ન કલ્પે."

૧૦૭. પુરોકર્મ – કૃત્ હાથીથી, કડછીથી કે વાસણથી દેનારીને સાધુ નિષેધ કરીને કહે કે, મને આ પ્રકારે આહાર લેવો ન કલ્પે.

૧૦૮. એ પ્રમાણે હાથ વગેરે ભીના હોય, સ્નિગ્ધ હોય, રજ સહિત હોય, માટી– ખાર – હરતાલ – હિંગલોક – મનઃશીલ – અંજન – લવણ,

૧૦૯. ગેરુ – પીળી માટી – સફેદ માટી – ફટકડી – અનાજનુ ભુંસુ – તુરંતનો પીસેલો લોટ – ફળના ટૂકડા આદિથી સંસક્તમાં પણ જાણવું.

### સૂત્ર-૧૧૦, ૧૧૧

૧૧૦. અસંસૃષ્ટ હાથથી, કડછીથી કે વાસણથી આહારને ન ઇચ્છે, કે જ્યાં પશ્ચાત્કર્મ થાય.

૧૧૧. સંસૃષ્ટ હાથ – કડછી કે વાસણથી અપાતું જો તે એષણીય હોય તો સ્વીકારે.

### સૂત્ર-૧૧૨ થી ૧૧૯

૧૧૨. જ્યાં બે સ્વામી કે ઉપભોક્તા હોય, તેમાંથી એક નિમંત્રણા કરે, તો મુનિ તે દેવાતા આહારને ન ઇચ્છે. બીજાના અભિપ્રાયને જુએ.

૧૧૩. જો બંને સ્વામી કે ઉપભોક્તા હોય, બંને નિમંત્રણા કરે અને જો તે એષણીય હોય તો તેને સ્વીકારે.

૧૧૪. ગર્ભવતી સ્ત્રી માટે તૈયાર કરાયેલ વિવિધ પાન-ભોજન તેના ઉપભોગના હોય તો વર્જે, પણ જો ખાતા

વધેલ હોય તો ગ્રહણ કરે.

૧૧૫. કદાચ પૂરા મહીનાવાળી ગર્ભવતી મહિલા આહાર આપવાને માટે ઊભી હોય અને બેસે કે બેઠેલી હોય અને ઊભા થાય.

૧૧૬. તે આહાર–પાન સંયતને ન કલ્પે. તેથી દેનારીને નિષેધ કરીને કહે કે, મને આવો આહાર કલ્પતો નથી

૧૧૭. સ્તનપાન કરાવતી સ્ત્રી જો બાલક કે બાલિકાને રોતા છોડીને ભોજન–પાન લાવે.

૧૧૮. સંયતને તે આહાર–પાણી ન કલ્પે. તેથી દેનારને નિષેધ કરી કહે કે, મને આવો આહાર કલ્પતો નથી

૧૧૯. જે આહાર–પાણીના કલ્પ્ય–અકલ્પ્યપણામાં શંકિત હોય, તે દેનારીનો મુનિ નિષેધ કરે અને કહે કે મને તેવા પ્રકારે કલ્પતુ નથી.

**સૂત્ર–૧૨૦, ૧૨૧**

પાણીનો ઘડો, પથ્થરની ઘંટી, પીઠ, શિલાપુત્ર, માટી આદિના લેપ કે શ્લેષ દ્રવ્યોથી અથવા બીજા કોઈ દ્રવ્યથી ઢાંકેલ વાસણનુ મુખ શ્રમણ માટે ખોલીને આહાર આપે તો, આહાર દેનારીને નિષેધ કરે અને કહે કે મને આવા પ્રકારે આહાર લેવો ન કલ્પે.

**સૂત્ર–૧૨૨ થી ૧૨૯**

૧૨૨. જો મુનિ આ જાણી લે કે સાંભળી લે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દાનાર્થે તૈયાર કરેલ છે.

૧૨૩. તેવા પ્રકારના ભોજન–પાન સંયતોને અકલ્પ્ય છે, તે દેનારીને નિષેધ કરીને કહે કે મને આવા પ્રકારના આહારાદિ ન કલ્પે. **એ જ પ્રમાણે**

૧૨૪. જો મુનિ આ જાણી લે કે સાંભળી લે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પુન્યાર્થે તૈયાર કરેલ છે.

૧૨૫. તેવા પ્રકારના ભોજન–પાન સંયતોને અકલ્પ્ય છે, તે દેનારીને નિષેધ કરીને કહે કે મને આવા પ્રકારના આહારાદિ ન કલ્પે.

૧૨૬. જો મુનિ આ જાણી કે સાંભળી લે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વનીપકો માટે તૈયાર કરેલ છે.

૧૨૭. તેવા પ્રકારના ભોજન–પાન સંયતોને અકલ્પ્ય છે, તે દેનારીને નિષેધ કરીને કહે કે મને આવા પ્રકારના આહારાદિ ન કલ્પે.

૧૨૭. જો મુનિ આ જાણી કે સાંભળી લે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ શ્રમણના માટે તૈયાર કરેલ છે.

૧૨૯. તેવા પ્રકારના ભોજન–પાન સંયતોને અકલ્પ્ય છે, તે દેનારીને નિષેધ કરીને કહે કે મને આવા પ્રકારના આહારાદિ ન કલ્પે.

**સૂત્ર–૧૩૦, ૧૩૧**

૧૩૦. સાધુ–સાધ્વી ઔદ્દેશિક, ક્રીતકૃત, પૂતિકર્મ, આહૃત, અધ્યવતર, પ્રામિત્ય અને મિશ્રજાત આહાર ન લે.

૧૩૧. સંયમી સાધુ શંકિત આહારનો ઉદ્‌ગમ પૂછે કે આ કોના માટે કોણે બનાવેલ છે ? ઉત્તર સાંભળીને નિઃશંકિત અને શુદ્ધ આહાર હોય તે ગ્રહણ કરે.

**સૂત્ર–૧૩૨ થી ૧૩૯**

૧૩૨. જો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પૈકી કોઈ આહાર પુષ્પ, બીજ કે લીલોતરીથી મિશ્રિત હોય;

૧૩૩. તે ભોજન–પાન સંયમીને અકલ્પ્ય છે. તેથી ભિક્ષુ દેનારીને તેનો નિષેધ કરીને કહે કે મને આવો આહાર કલ્પતો નથી. **એ જ પ્રમાણે**

૧૩૪. જે અશન આદિ સચિત્તપાણી, ઉત્તિંગ કે પનક ઉપર રાખેલ હોય,

૧૩૫. તેવા ભોજન-પાન સંયતને ન કલ્પે૦

૧૩૬. જે અશનાદિ અગ્નિ ઉપર નિક્ષિપ્ત કે સ્પર્શિત હોય, તો તેવા સંઘટ્ટાવાળા

૧૩૭. ભોજન -પાન સંયતને ન કલ્પે૦

૧૩૮, ૧૩૯. એ જ પ્રમાણે ચૂલામાંથી ઇંધણ કાઢીને, અગ્નિ ઉજ્વાલિત કરીને, પ્રજ્વાલિત કરીને, અગ્નિને ઠંડો કરીને, અન્નનો ઉભાર જોઈને તેને થોડો ઓછો કરીને અથવા પાણી નાંખીને અથવા અગ્નિને નીચે ઊતારીને આપે તો તેવા ભોજન-પાન સંયતને માટે અકલ્પ્ય છે. દેનારીને નિષેધ કરીને કહે કે - મને આવો આહાર ન કલ્પે.

સૂત્ર-૧૪૦ થી ૧૪૪

૧૪૦. જો કાષ્ઠ, શિલા કે ઇંટ સંક્રમણ કરવા માટે રાખેલ હોય અને તે અસ્થિર હોય તો

૧૪૧. સર્વેન્દ્રિય, સમાહિત ભિક્ષુ તેના ઉપર થઈને ન જાય, એ પ્રમાણે પ્રકાશ રહિત અને પોલા માર્ગથી પણ ન જાય, કેમ કે ભગવંતે તેમાં અસંયમ જોયેલ છે.

૧૪૨ થી ૧૪૪. જો આહાર દેનારી, સાધુને માટે નિસરણી, ફલક, કે પીઠને ઊંચા કરીને; માંચો, કીલક કે પ્રાસાદ ઉપર ચડે, ત્યાંથી ભોજન-પાન લાવે તો તેને સાધુ-સાધ્વી ગ્રહણ ન કરે.

કેમ કે તે રીતે ચઢતી તે સ્ત્રી પડી શકે. તેના હાથ-પગ ભાંગી શકે છે. પૃથ્વીજીવ કે પૃથ્વી આશ્રિત ત્રસ જીવોની હિંસા થઈ શકે છે.

તેથી આવા મહાદોષો જાણીને સંયમી મહર્ષિ માલોપહૃત ભિક્ષા ન લે.

સૂત્ર-૧૪૫ થી ૧૪૯

૧૪૫. સાધુ-સાધ્વી અપક્વ સૂરણ આદિ કંદ, પીન્ડાલુ આદિ મૂલ, પ્રલંબ-આમ્ર આદિ ફળ, છેદેલ પાન, તુંબડુ અને આદુ લેવા ન કલ્પે.

૧૪૬. એ રીતે સત્તુચૂર્ણ, બોરચૂર્ણ, તલપાપડી, ગોળની રાબ, પૂડલા કે તેવી બીજી પણ તેવા પ્રકારની વસ્તુ;

૧૪૭. જે વેચવાને રાખી હોય, ઘણા સમયથી ખૂલી પડી હોય, સચિત્ત રજથી લિપ્ત હોય તો સાધુ એ પ્રમાણે દેનારીનો નિષેધ કરે કે મને આવા પ્રકારનો આહાર લેવો ન કલ્પે.

૧૪૮. ઘણા બીજવાળા ફળ, ઘણા કાંટાવાળા ફળ, આસ્થિક, તિંદુક, બિલ્વ, શેરડીના ટૂકડા, પાપડી ફલી.,

૧૪૯. જેમાં ખાદ્યપદાર્થ ઓછો અને ત્યાજ્ય પદાર્થ અધિક હોય તેવું લેવું ન કલ્પે.

સૂત્ર-૧૫૦ થી ૧૫૬

૧૫૦. એ જ પ્રમાણે – સારું કે ખરાબ પાણી, ગોળના ઘડાનું ધોવાણ, લોટનું ધોવાણ, ચોખાનું ધોવાણ, તેમાનું કોઈપણ તુરંતનું ધોયેલ હોય તો સાધુ તેને ગ્રહણ ન કરે.

૧૫૧. જો પોતાની મતિ કે દૃષ્ટિથી, પૂછીને કે સાંભળીને જે ધોવાણને જાણી લે કે આ ઘણા વખતનું ધોયેલ છે, તથા નિઃશંકિત થઈ જાય તો

૧૫૨. અજીવ અને પરિણત જાણી સંયમી મુનિ તેને ગ્રહણ કરે. જો તે જળના વિષયમાં શંકિત થાય તો ચાખીને નિશ્ચય કરે.

૧૫૩. તે દાતાને કહે કે – ચાખવા માટે થોડું પાણી મને હાથમાં આપો. આ પાણી અતિ ખાટુ, દુર્ગંધી, મારી તરસ છીપાવવા અસમર્થ તો નથી ને ?

૧૫૪. જો તે પાણી ઘણુ ખાટુ, દુર્ગંધી હોય કે તરસ છીપાવવા અસમર્થ હોય તો દેનારીને ના પાડે કે આવું પાણી મને લેવું ન કલ્પે.

૧૫૫. જો તે પાણી અનિચ્છાથી અથવા અન્ય મનસ્કતાથી ગ્રહણ કરી લીધુ હોય તો સ્વયં ન પીવે કે કોઈ

બીજા સાધુને પીવા ન આપે.

૧૫૬. તે સાધુ એકાંતમાં જઈ, ત્યાં અચિત્ત ભૂમિને જોઈને, જયણાપૂર્વક તે પાણી પરઠવી દે. પરઠવ્યા પછી સ્વસ્થાને આવી પ્રતિક્રમણ કરે.

સૂત્ર–૧૫૭ થી ૧૬૧

૧૫૭. ભિક્ષાર્થે ગયેલ સાધુ કદાચિત આહારનો પરિભોગ કરવા ઈચ્છે તો પ્રાસુક કોષ્ઠક કે ભિત્તિમૂલનું પ્રતિલેખન કરીને

૧૫૮. તે મેધાવી મુનિ અનુજ્ઞાપૂર્વક કોઈ આચ્છાદિત અને સંવૃત્ત સ્થળમાં પોતાના હાથને સારી રીતે પ્રમાર્જી, ત્યાં તે સંયત ભોજન કરે.

૧૫૯. ત્યાં તે ભોજન કરતો, આહારમાં ગોટલી, કાંટા, તૃણ, કાષ્ઠ, કાંકરા કે બીજી કોઈ તેવી વસ્તુ હોય.

૧૬૦. તેને બહાર કાઢીને ફેંકે નહીં, મુખમાંથી થૂંકીને ન છંડે, તેને હાથમાં લઈને એકાંતમાં ચાલ્યો જાય.

૧૬૧. અને એકાંતમાં જઈને અચિત્ત ભૂમિને પ્રતિલેખીને જયણાપૂર્વક પરઠવી દે. પરઠવ્યા પછી સ્વસ્થાને આવી પ્રતિક્રમણ કરે.

સૂત્ર–૧૬૨ થી ૧૭૧

૧૬૨. કદાચિત્ ભિક્ષુ વસતીમાં આવીને ભોજન કરવાને ઈચ્છે તો પિંડપાત સહિત આવીને ભોજન ભૂમિનું પ્રતિલેખન કરે.

૧૬૩. વિનયપૂર્વક વસતીમાં પ્રવેશીને ગુરુની સમીપે આવે અને મુનિ ઈર્યાપથ પ્રતિક્રમે.

૧૬૪, ૧૬૫. પછી તે સંયત સાધુ ગમનાગમનમાં અને ભોજન–પાન લેવામાં લાગેલ બધા અતિચારોનું યથાક્રમે ઉપયોગપૂર્વક ચિંતન કરીને ઋજુપ્રજ્ઞ અને અનુદ્વિગ્ન સંયમી અવ્યાક્ષિપ્ત ચિત્તથી ગુરુની પાસે આલોચના કરે તથા જે રીતે ભિક્ષા લીધી હોય તે જ પ્રકારે નિવેદન કરે.

૧૬૬, ૧૬૭. જો આલોચના સમ્યક્ પ્રકારે ન થયેલ હોય અથવા જે આગળ–પાછળ કરી હોય, તેનું પ્રતિક્રમણ કરે. કાયોત્સર્ગ આમ ચિંતવે – અહો ! જિનેશ્વરોએ સાધુઓને મોક્ષ સાધનાના હેતુભૂત સંયમી–શરીર ધારણ કરવાને નિરવદ્ય વૃત્તિનો ઉપદેશ આપેલ છે.

૧૬૮. કાયોત્સર્ગને નમસ્કાર મંત્ર દ્વારા પારિત કરીને જિન સંસ્તવ કરે, પછી સ્વાધ્યાયનો પ્રારંભ કરે, પછી ક્ષણવાર મુનિ વિશ્રામ લે.

૧૬૯. વિશ્રામ કરતો એવો તે કર્મ નિર્જરાના લાભનો અભિલાષી મુનિ આ હિતકર અર્થને ચિંતવે કે – જો કોઈ સાધુ મારા ઉપર અનુગ્રહ કરે તો હું તરી જાઉં.

૧૭૦. તે પ્રીતિભાવથી સાધુઓને યથાક્રમે નિમંત્રણા કરે. જો તેમનામાંથી કોઈ સાધુ ભોજન કરવા ઈચ્છે તો તેમની સાથે ભોજન કરે.

૧૭૧. જો કોઈ સાધુ આહાર લેવા ન ઈચ્છે તો તે એકલો જ પ્રકાશયુક્ત પાત્રમાં અને આહારના કણને નીચે છાંડ્યા વિના જયણાપૂર્વક ભોજન કરે.

સૂત્ર–૧૭૨ થી ૧૭૫

૧૭૨. બીજાને માટે બનેલ, વિધિથી ઉપલબ્ધ જે આહાર તે તિક્ત, કટુક, કાષાયિત, અમ્લ, મધુર કે લવણ હોય, સંયમી તેને મધુ–ઘૃતની માફક સંતોષથી ખાય.

૧૭૩, ૧૭૪. મુધાજીવી ભિક્ષુ એષણા વિધિથી પ્રાપ્ત કરેલ આહાર અરસ કે વિરસ હોય, શુચિ હોય કે અશુચિ, આર્દ્ર હોય કે શુષ્ક, મંથુ કે કુલ્માષ હોય, તે તેની અવહેલના ન કરે. પરંતુ મુધાજીવી સાધુ મુધાલબ્ધ અને પ્રાસુક

આહારનો તે અલ્પ હોય કે ઘણો; દોષોને વર્જીને વાપરે.

૧૭૫. મુધાદાયી દુર્લભ છે અને મુધાજીવી પણ દુર્લભ છે. મુધાદાયી અને મુધાજીવી બંને સદ્‌ગતિમાં જાય છે. ૦– તેમ હું તમને કહું છું.

## અધ્યયન-૫, ઉદ્દેશો-૨

**સૂત્ર–૧૭૬**

સંયત સાધુ લેપમાત્ર પર્યન્ત પાત્રને આંગળીથી સાફ કરી સુગંધયુક્ત હોય કે દુર્ગંધયુક્ત, બધું ખાઈ લે, શેષ પણ ન છાંડે.

**સૂત્ર–૧૭૭, ૧૭૮**

વસતિમાં કે સ્વાધ્યાય ભૂમિમાં બેઠેલો અથવા ભિક્ષાર્થે ગયેલો મુનિ અપર્યાપ્ત પદાર્થ ખાઈને, જો તેનાથી નિર્વાહ ન થઈ શકે તો કારણ ઉત્પન્ન થતા પૂર્વોક્ત અને આ ઉત્તરવિધિથી ભોજન–પાનની ગવેષણા કરે.

**સૂત્ર–૧૭૯ થી ૧૮૮**

૧૭૯. ભિક્ષુ, ભિક્ષા–કાળે ભિક્ષાર્થે નીકળે, કાળે જ પાછો ફરે. અકાલનેળે વર્જીને જે કાર્ય જ્યારે ઉચિત હોય, ત્યારે તે કાર્ય કરે.

૧૮૦. હે મુનિ ! જો તું અકાળમાં ભિક્ષાર્થે જઈશ અને કાળનું પ્રતિલેખન નહી કરે તો ભિક્ષા ન મળે ત્યારે તું તને પોતાને ક્ષુબ્ધ કરીશ અને સંનિવેશની નિંદા કરીશ.

૧૮૧. ભિક્ષુ સમય થતા ભિક્ષાટન કરે, ભિક્ષાર્થે પુરુષાર્થ કરે, ભિક્ષા પ્રાપ્ત ન થાય તો શોક ન કરે, તપ થયો માની ક્ષુધા પરીષહને સહન કરે.

૧૮૨. આ પ્રમાણે ક્યાંય ભોજનાર્થે એકઠા થયેલા વિવિધ પ્રકારના પ્રાણી જુએ તો તેની સન્મુખ ન જાય. પણ જયણાથી ગમન કરે.

૧૮૩. ગૌચરી ગયેલ સાધુ ક્યાંય પણ બેસીને કે ઊભા રહીને ધર્મકથાનો પ્રબંધ ન કરે.

૧૮૪. તે અર્ગલા, પરીઘ, દ્વાર અને કમાડનો ટેકો લઈને ત્યાં ઊભો ન રહે.

૧૮૫, ૧૮૬. ભોજન કે પાણીને માટે આવેલ કે ગયેલ શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ કે વનીપકને ઉલ્લંઘીને સંયમી ગૃહસ્થના ઘરમાં ન પ્રવેશે અને આંખોની સામે ઊભો ન રહે, પણ એકાંતમાં જઈને ત્યાં ઊભો રહે.

૧૮૭. તે ભિક્ષાચારોને ઉલ્લંઘીને ઘરમાં પ્રવેશતા તે વનીપક અથવા બંનેમાં અપ્રીતિ થાય અથવા પ્રવચનની લઘુતા થાય છે.

૧૮૮. ગૃહસ્વામી દ્વારા તે ભિક્ષાચરોને દેવાનો નિષેધ કર્યા પછી અથવા આપી દીધા પછી, ત્યાંથી તે યાચકો ચાલ્યા જાય પછી સંયમી સાધુ ભોજન–પાનને માટે તે ઘરમાં પ્રવેશ કરે.

**સૂત્ર–૧૮૯ થી ૧૯૯**

૧૮૯, ૧૯૦. જો કોઈ દાતા; ઉત્પલ, પદ્મ, માલતી કે અન્ય કોઈ સચિત્ત પુષ્પનું છેદન કરીને ભિક્ષા આપે તો તે ભોજન–પાન સંયમી સાધુને માટે અકલ્પ્ય થાય છે.

તેથી દેનારીને તેનો નિષેધ કરીને કહે કે – મને આ પ્રકારે આહાર કલ્પતો નથી.

૧૯૧, ૧૯૨. જો કોઈ દાતા; ઉક્ત ઉત્પલાદિનું સંમર્દન કરીને આહાર આપે તો પણ ન કલ્પે, સાધુ તે આહારનો નિષેધ કરે.

૧૯૩, ૧૯૪. અપરિણત કમલકંદ, પલાશ કંદ, કુમુદનાલ, ઉત્પલનાલ, કમલતંતુ, સરસવનાલ, અપક્વ

ઇક્ષુખંડ કે વૃક્ષ, તૃણ અને બીજી લીલી વનસ્પતિના કાચા નવા પ્રવાલનો ત્યાગ કરે.

૧૯૫. તરુણી, તાજી અથવા એકવાર ભૂંજેલી કાચી ફલી દેનારી સ્ત્રીને સાધુ નિષેધ કરે કે આવા પ્રકારે આહાર મને ન કલ્પે.

૧૯૬ થી ૧૯૯. આ જ પ્રમાણે ઉકાળ્યા વિનાના બોર, વાંસ–કરીર, કાશ્યપનાલિકા, અપક્વ તલપાપડી, કદંબનું ફળ

ચોખાનો લોટ, વિકૃત ધોવાણ, નિવૃત જળ, તિલકૂટ, પોઈ, સાગ અને સરસવની ખલી એ બધા અપક્વ ન લે.

અપક્વ અને શસ્ત્ર અપરિણત કોળું, બીજોરું, મૂળા, મૂળાના કંદને મનથી પણ ન ઇચ્છે.

આ પ્રમાણે જ ફળનું ચૂર્ણ, બીજનું ચૂર્ણ, બહેડા, પ્રિયાલ ફળ પણ અપક્વ જાણીને ત્યાગ કરે.

## સૂત્ર–૨૦૦ થી ૨૦૩

૨૦૦. ભિક્ષુ સમુદાન ભિક્ષાચર્યા કરે. ઉચ્ચનીચ કુળોમાં જાય. પરંતુ નીચ કુળ છોડીને ઉચ્ચ કુળમાં ન જાય

૨૦૧. પંડિત સાધુ દીનતા રહિત થઈને ભિક્ષાની એષણા કરે. ન મળે તો વિષાદ ન કરે, સરસ ભોજનમાં અમૂર્ચ્છિત રહે. માત્રાને જાણનાર મુનિ એષણામાં રત રહે.

૨૦૨. ગૃહસ્થના ઘેર અનેક પ્રકારના પ્રચુર ખાદ્ય તથા સ્વાદ્ય આહાર હોય. પણ ન આપે તો પંડિત મુનિ કોપ ન કરે. પણ એમ વિચારે કે ગૃહસ્થ આપે કે ન આપે, તેની ઇચ્છા.

૨૦૩. સંયમી સાધુ પ્રત્યક્ષ દેખાતા હોય, છતા પણ શયન, આસન, વસ્ત્ર, ભોજન અને પાનને ન દેનાર પર ક્રોધ ન કરે.

## સૂત્ર–૨૦૪, ૨૦૫

૨૦૪. સ્ત્રી કે પુરુષ, બાલ કે વૃદ્ધ વંદના કરતા હોય તો તેની પાસે કોઈ પ્રકારે યાચના ન કરે, આહાર ન આપે તો તેને કઠોર વચન પણ ન કહે.

૨૦૫. વંદન ન કરે, તો તેના ઉપર કોપ ન કરે, વંદન કરે તો અહંકાર ન કરે. આ રીતે ભગવંતની આજ્ઞાનું અન્વેષણ કરનાર મુનિનું શ્રામણ્ય અખંડ રહે છે.

## સૂત્ર–૨૦૬ થી ૨૧૦

૨૦૬, ૨૦૭. કદાચ કોઈ સાધુ સરસ આહાર પ્રાપ્ત કરીને લોભથી છૂપાવી દે, ક્યાંક મને મળેલો આહાર ગુરુ જોઈને સ્વયં લઈ લેશે, મને નહીં આપે.

એમ પોતાના સ્વાર્થને જ મોટો માનનાર સ્વાદ લોલુપ સાધુ ઘણા પાપ કરે છે, સંતોષ ભાવ રહિત થઈ, નિર્વાણ પામતા નથી.

૨૦૮ થી ૨૧૦. કદાચ કોઈ સાધુ વિવિધ પ્રકારના પાન અને ભોજન પામીને, સરસ પદાર્થ એકાંતે ખાઈ જાય અને વિવર્ણ તથા નીરસ આહાર લઈને આવે છે,

જેથી શ્રમણો એવું જાણે કે આ મુનિ મોક્ષાર્થી છે, સંતુષ્ટ છે, પ્રાંતાહાર સેવી છે. રૂક્ષ વૃત્તિથી સંતુષ્ટ છે. એવો પૂજાર્થી, યશ–કીર્તિ પામવાનો અભિલાષી, માન–સન્માનની કામના કરનાર સાધુ ઘણા પાપોને ઉપાર્જે અને માયાશલ્યને કરનાર થાય છે.

## સૂત્ર–૨૧૧ થી ૨૧૬

૨૧૧. પોતાના સંયમની રક્ષા કરતો સાધુ દારૂ, મેરક કે બીજા કોઈ પ્રકારના માદક રસ આત્મસાક્ષીએ કે કેવલીની સાક્ષીએ પણ ન પીએ.

૨૧૨. મને કોઈ જાણતુ–જોતુ નથી એમ વિચારી એકાંતમાં એકલો દારુ પીવે છે, તે ચોર છે, તેના દોષ તમે

જુઓ અને માયાચાર મારી પાસે સાંભળો.

૨૧૩. તે ભિક્ષુની આસક્તિ, માયા-મૃષા અપયશ, અતૃપ્તિ અને અસાધુતા સતત વધી જાય છે.

૨૧૪. જેમ ચોર સદા ઉદ્વિગ્ન રહે છે, તેમજ દુર્મતિ સાધુ પોતાના દુષ્કર્મોથી સદા ઉદ્વિગ્ન રહે છે. આવો મધપાયી મુનિ મરણાંત સમયમાં પણ સંવર આરાધી ન શકે.

૨૧૫. તે નથી આચાર્યની આરાધના કરી શકતો, નથી શ્રમણોની આરાધના કરી શકતો. ગૃહસ્થ પણ તેને દુશ્ચરિત્ર જાણી, તેની નિંદા કરે છે.

૨૧૬. આ પ્રમાણે અગુણપ્રેક્ષી અને ગુણોનો ત્યાગ કરનાર સાધુ મરણાંતે પણ સંવર ન આરાધી શકે.

**સૂત્ર-૨૧૭ થી ૨૨૦**

૨૧૭, ૨૧૮. જે મેધાવી અને તપસ્વી સાધુ તપ કરે છે. પ્રણીત રસનો ત્યાગ કરે છે, જે મદ્ય અને પ્રમાદથી વિરત છે, અહંકાર રહિત છે, અનેક સાધુ દ્વારા પૂજિત વિપુલ અને અર્થસંયુક્ત કલ્યાણને સ્વયં જુઓ અને હું તેના ગુણોનું કીર્તન કરીશ, તે મારી પાસેથી સાંભળો.

૨૧૯. આ પ્રમાણે ગુણપ્રેક્ષી અને અગુણના ત્યાગી શુદ્ધાચારી સાધુ મરણાંતકાળે સંવરની આરાધના કરે છે.

૨૨૦. આચાર્યને આરાધે છે, શ્રમણોને પણ આરાધે છે. ગૃહસ્થો પણ તેને તેવા પ્રકારે શુદ્ધાચારી જાણે છે, તેથી તેની પૂજા કરે છે.

**સૂત્ર-૨૨૧ થી ૨૨૪**

૨૨૧. જે સાધુ તપચોર, વચનચોર, રૂપચોર, આચાર અને ભાવચોર છે, તે કિલ્બિષિક દેવ યોગ્ય કર્મ કરે છે.

૨૨૨. દેવત્વ પ્રાપ્ત થવા છતાં કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થયેલો તે, ત્યાં જાણતો નથી કે આ મારા કયા કૃત્યનું ફળ છે ?

૨૨૩. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં એડમૂકતા અથવા નરક કે તિર્યંચ યોનિને પામશે, ત્યાં તેને બોધિ અતિ દુર્લભ થાય છે.

૨૨૪. આ દોષને જાણીને જ્ઞાતપુત્ર મહાવીરે કહેલ છે કે - મેધાવી અણુમાત્ર પણ માયામૃષા ન સેવે.

**સૂત્ર-૨૨૫**

સંયત અને પ્રબુદ્ધ ગુરુ પાસે ભિક્ષૈષણા વિશુદ્ધિ શીખીને ઈન્દ્રિયોને સુપ્રણિહિત રાખનાર, તીવ્ર લજ્જા ગુણવાન થઈ તે ભિક્ષુ સંયમમાં વિચરણ કરે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૫ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૬ 'મહાચાર કથા'

### સૂત્ર–૨૨૬ થી ૨૩૦

૨૨૬, ૨૨૭. જ્ઞાનદર્શન સંપન્ન, સંયમ અને તપમાં રત, આગમ સંપન્ન ગણિ – આચાર્યને ઉદ્યાનમાં પધારેલા જોઈને રાજા, રાજમંત્રી, બ્રાહ્મણ અને ક્ષત્રિય નિશ્ચલાત્મા થઈને પૂછે છે – આપના આચાર – ગોચર કેવા છે ?

૨૨૮, ૨૨૯. ત્યારે તે નિભૃત, દાંત, સર્વે પ્રાણી માટે સુખાવહ, શિક્ષાઓથી સમાયુક્ત અને પરમ વિચક્ષણ ગણિ તેમને કહે છે– ધર્માર્થની કામનાવાળા, નિર્ગ્રન્થોના ભીમ, દુરધિષ્ઠિત સર્વ આચાર ગોચર મારી પાસેથી સાંભળો

૨૩૦. જે નિર્ગ્રન્થાચાર લોકમાં અત્યંત દુશ્ચર છે, આવો શ્રેષ્ઠ આચાર બીજે ક્યાંય કહેવાયેલ નથી, સર્વોચ્ચ સ્થાનના ભાગી સાધુઓનો આવો આચાર બીજે ન હતો, ન હશે.

### સૂત્ર–૨૩૧, ૨૩૨

બાળક હોય કે વૃદ્ધ, રોગી હોય કે નિરોગી, બધા મુમુક્ષુ એ જિનગુણોનું પાલન અખંડ અને અસ્ફૂટિત રૂપે કરવું જોઈએ. તે ગુણો જે પ્રકારે છે તે પ્રકારે મારી પાસેથી સાંભળો. ઉક્ત આચારના અઢાર સ્થાનો છે, જે અજ્ઞ સાધુ આ અઢારમાના કોઈ એક સ્થાનને પણ વિરાધે છે, તે નિર્ગ્રન્થતાથી ભ્રષ્ટ થઈ જાય છે.

### સૂત્ર–૨૩૩ થી ૨૩૫

૨૩૩. ભગવંત મહાવીરે તે ૧૮ સ્થાનોમાં પહેલું અહિંસા કહેલ છે, કેમ કે અહિંસાને તેમણે સૂક્ષ્મરૂપે જોયેલ છે. સર્વે જીવો પ્રત્યે સંયમ રાખવો તે અહિંસા.

૨૩૪. લોકમાં જેટલા ત્રસ સ્થાવર પ્રાણી છે, સાધુ–સાધ્વી, જાણતા કે અજાણતા, તેને ન હણે – ન હણાવે.

૨૩૫. બધા જીવો જીવવા ઇચ્છે છે, મરવા નહીં. તેથી નિર્ગ્રન્થ સાધુ પ્રાણીવધને ભયંકર જાણીને તેને તજે.

### સૂત્ર–૨૩૬ , ૨૩૭

સાધુ કે સાધ્વી પોતાને માટે કે બીજાને માટે ક્રોધાદિથી કે ભયથી હિંસક કે અસત્ય વચન ન બોલે, બીજાને ન બોલાવે. લોકમાં સમસ્ત સાધુ દ્વારા મૃષાવાદ ગર્હિત છે અને તે પ્રાણીઓને માટે અવિશ્વસનીય છે. તેથી મૃષાવાદનો પૂર્ણપણે ત્યાગ કરી દે.

### સૂત્ર–૨૩૮ , ૨૩૯

સંયમી સાધુ–સાધ્વી, સચિત્ત કે અચિત્ત પદાર્થ, જે થોડો હોય કે ઘણો, દાંત ખોતરણી માત્ર પણ હોય, તે જે ગૃહસ્થના અવગ્રહમાં હોય, તેને યાચના કર્યા વિના સ્વયં ન ગ્રહણ કરે, બીજા પાસે ગ્રહણ ન કરાવે કે ગ્રહણ કરનારને ન અનુમોદે.

### સૂત્ર–૨૪૦ , ૨૪૧

અબ્રહ્મચર્ય લોકમાં ઘોર, પ્રમાદજનક અને દુરધિષ્ઠિત છે. સંયમ ભંગ કરનારા સ્થાનોથી દૂર રહેનાર મુનિ તેનું આચરણ ન કરે. આ અબ્રહ્મ અધર્મનું મૂળ છે, મહાદોષોનો પૂંજ છે, તેથી નિર્ગ્રન્થ મૈથુન સંસર્ગનો ત્યાગ કરે છે.

### સૂત્ર–૨૪૨ થી ૨૪૬

૨૪૨. જે જ્ઞાતપુત્રના વચનોમાં રત છે, તે સાધુ–સાધ્વી બીડલવણ, સામુદ્રિક લવણ, તેલ, ઘી, દ્રવગોળ આદિનો સંગ્રહ કરવા ન ઇચ્છે.

૨૪૩. આ સંગ્રહ લોભનો જ વિઘ્નકારી પ્રભાવ છે. એમ હું માનુ છું. જે કોઈ સાધુ કદાચિત કોઈ પદાર્થની સંનિધિની કામના કરે છે, તે ગૃહસ્થ છે, પ્રવ્રજિત નથી.

૨૪૪. જે કોઈ સાધુ વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ રાખે છે, તેને પણ તેઓ સંયમ અને લજ્જાની રક્ષાને માટે

રાખે છે અને ઉપયોગ કરે છે.

૨૪૫. સમસ્ત જીવોના ત્રાતા જ્ઞાતપુત્રએ આ વસ્ત્રાદિને પરિગ્રહ કહ્યો નથી, પણ મહર્ષિઓએ 'મૂર્છાને પરિગ્રહ' કહેલ છે.

૨૪૬. યથાવત્ વસ્તુ તત્ત્વજ્ઞ સાધુ બધી ઉપધિનું સંરક્ષણ કરવામાં મમત્વભાવ ન આચરે, એટલું જ નહીં. તેઓ તેમના પોતાના શરીરનું પણ મમત્વ ન કરે.

## સૂત્ર-૨૪૭ થી ૨૫૦

૨૪૭. અહો! સર્વ બુદ્ધોએ સંયમ અનુકૂળ વૃત્તિ અને એકવાર ભોજન, આ નિત્ય તપોકર્મનો ઉપદેશ આપ્યોછે

૨૪૮. આ જે ત્રસ અને સ્થાવર અતિસૂક્ષ્મ પ્રાણી છે, જેને રાત્રિમાં જોઈ શકાતા નથી, ત્યારે તે આહારની એષણા કઈ રીતે કરે ?

૨૪૯. જળથી આર્દ્ર, બીજાથી સંસક્ત આહારનો તથા પૃથ્વી ઉપર પડેલા પ્રાણીને દિવસના બચાવી શકાય, રાત્રે નહીં. પછી રાત્રિના નિર્ગ્રન્થ ભિક્ષાચર્યા કઈ રીતે કરી શકે ?

૨૫૦. જ્ઞાતપુત્રએ આ દોષને જોઈને કહ્યું કે સાધુ-સાધ્વી રાત્રિભોજન ન કરે અર્થાત્ ચારમાંથી એકે પ્રકારનો આહાર ન ખાય.

## સૂત્ર-૨૫૧ થી ૨૫૬

૨૫૧. સુસમાહિત સંયમી મન, વચન, કાય એ ત્રણ યોગ અને ત્રણ કરણથી પૃથ્વીકાયની હિંસા કરતા નથી.

૨૫૨. પૃથ્વીકાયની હિંસા કરતો એવો સાધુ તેને આશ્રયે રહેલ દેખાતા કે ન દેખાતા ત્રસ અને સ્થાવર પ્રાણીની પણ હિંસા કરે છે.

૨૫૩. તેથી તેને દુર્ગતિવર્ધક દોષ જાણીને યાવજ્જીવન પૃથ્વીકાયના સમારંભનો ત્યાગ કરે.

૨૫૪ થી ૨૫૬. સુસમાહિત સંયમી અપ્કાયની હિંસા ન કરે૦

બાકીનો બધો સૂત્રાર્થ 'પૃથ્વીકાય'માં કહ્યા પ્રમાણે જાણવો.

## સૂત્ર-૨૫૭ થી ૨૬૦

૨૫૭. સાધુ-સાધ્વી અગ્નિને જલાવવાની ઇચ્છા ન કરે, કેમ કે તે બીજા શસ્ત્રોની અપેક્ષાએ તીક્ષ્ણ છે, ચોતરફથી દુરાશ્રય છે.

૨૫૮. તે અગ્નિ પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તર, ઉર્ધ્વ અને અધો બધી દિશા-વિદિશામાં બધાને બાળે છે.

૨૫૯. આ અગ્નિ પ્રાણીઓ માટે આઘાતપ્રદ છે, તેમાં કોઈ સંશય નથી, તેથી સંયમી પ્રકાશ અને તાપને માટે અગ્નિનો કિંચિત પણ આરંભ ન કરે.

૨૬૦. એ પ્રમાણે અગ્નિને દુર્ગતિવર્ધક દોષ જાણીને સાધુ જાવજ્જીવ અગ્નિકાય સમારંભને તજી દે.

## સૂત્ર-૨૬૧ થી ૨૬૪

૨૬૧. તીર્થંકરો વાયુના સમારંભને અગ્નિ સમારંભ તુલ્ય જ માને છે. આ સાવદ્ય બહુલ છે. તેથી છ કાયના ત્રાતા સાધુ દ્વારા તે આસેવિત નથી.

૨૬૨. તેથી સાધુને તાલવૃંત, પત્ર, વૃક્ષની શાખાથી હવા ખાવી, વાયુ કરવો. ન સ્વયં કલ્પે, ન કરાવવો કલ્પે.

૨૬૩. જે પણ વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ છે, તેના દ્વારા પણ વાયુની ઉદીરણા ન કરે. પરંતુ જયણાપૂર્વક વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણને ધારણ કરે.

૨૬૪. તેથી વાયુનો દોષ દુર્ગતિવર્ધક જાણીને જીવન પર્યન્ત વાયુકાયના સમારંભનો ત્યાગ કરે.

## સૂત્ર-૨૬૫ થી ૨૭૦

૨૬૫ થી ૨૬૭. સુસમાહિત સંયમી મન-વચન-કાયા અર્થાત્ ત્રણ કરણ-ત્રણ યોગથી વનસ્પતિકાયની હિંસા ન કરે. વનસ્પતિની હિંસા કરતો સાધુ, તેના આશ્રિત વિવિધ ચાક્ષુષ કે અચાક્ષુષ ત્રસ અને સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે. આને દુર્ગતિવર્ધક દોષ જાણીને સાધુગણ જાવજ્જીવ માટે વનસ્પતિકાયના સમારંભનો ત્યાગ કરે.

૨૬૮ થી ૨૭૦. સુસમાહિત સાધુ ત્રસકાયિક જીવોની હિંસા ન કરે૦ ઈત્યાદિ સર્વ પાઠ વનસ્પતિકાયિક મુજબ જાણવો.

## સૂત્ર-૨૭૧ થી ૨૭૪

૨૭૧. જે આહાર આદિ ચાર પદાર્થ ઋષિને માટે અકલ્પ્ય છે, તેનું વિવર્જન કરતો સાધુ સંયમનું પાલન કરે.

૨૭૨. સાધુ-સાધ્વી અકલ્પનીય આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્રને ગ્રહણ કરવાની ઈચ્છા ન કરે, કલ્પનીય હોય તો ગ્રહણ કરે.

૨૭૩. જે સાધુ-સાધ્વી નિત્ય નિમંત્રણા કરીને દેવાતો, ક્રીત, ઔદ્દેશિક અને આહૃત આહાર ગ્રહણ કરે છે, તે પ્રાણી વધને અનુમોદે છે. તેમ મહર્ષિએ કહેલ છે.

૨૭૪. તેથી ધર્મજીવી સ્થિતાત્મા, નિર્ગ્રન્થ ક્રીતાદિ દોષયુક્ત અશન-પાન આદિનો ત્યાગ કરે.

## સૂત્ર-૨૭૫ થી ૨૭૭

૨૭૫. કાંસામાં, કાંસ્ય પાત્રમાં, કુંડાકાર પાત્રમાં જે સાધુ અશન, પાન આદિ ખાય-પીવે છે, તે શ્રમણાચારથી પરિભ્રષ્ટ થઈ જાય છે.

૨૭૬. ગૃહસ્થ દ્વારા તે વાસણોને સચિત્ત જળથી ધોવામાં અને વાસણનુ ધોયેલ પાણી ફેંકવામાં જે પ્રાણી નિહત થાય છે, તેમાં તીર્થંકરોએ અસંયમ જોયેલ છે.

૨૭૭. ગૃહસ્થના વાસણમાં ભોજન કરવાથી કદાચિત્ પશ્ચાત્ કર્મ અને પુરઃ કર્મ દોષ સંભવે છે, તેથી નિર્ગ્રન્થોને ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવું ન કલ્પે.

## સૂત્ર-૨૭૮ થી ૨૮૦

૨૭૮. સાધુ અને સાધ્વીને માટે આસંદી, પલંગ, માંચા અને આસાલક ઉપર બેસવું કે સૂવું અનાચરિત છે.

૨૭૯. તીર્થંકર દેવો દ્વારા કથિત આચારનું પાલનકર્તા નિર્ગ્રન્થને બેસવું જ પડે તો પ્રતિલેખન કર્યા વિના આસંદી, પલંગ ઈત્યાદિ ઉપર બેસે કે સૂવે નહીં.

૨૮૦. આ બધા શયન, આસન ગંભીર છિદ્રવાળા હોય છે. તેમાં સૂક્ષ્મ પ્રાણીનું પ્રતિલેખન કરવું દુઃશક્ય હોય છે. તેથી આસંદી આદિ ઉપર બેસવું-સૂવું વર્જિત છે.

## સૂત્ર-૨૮૧ થી ૨૮૪

૨૮૧. ભિક્ષાર્થે પ્રવેશેલ સાધુને ગૃહસ્થને ઘેર. બેસવું સારું લાગે છે. તે આ પ્રકારના અનાચારને તથા અબોધિ રૂપ ફળને પ્રાપ્ત થાય છે.

૨૮૨. ત્યાં બેસવાથી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવામાં વિપત્તિ, પ્રાણીના વધથી સંયમઘાત, ભિક્ષાચરોને અંતરાય અને ઘરનાને ક્રોધ ઉત્પન્ન થાય છે.

૨૮૩. વળી, બ્રહ્મચર્યની અગુપ્તિ થાય, સ્ત્રીઓ પ્રતિ પણ શંકા ઉપજે છે. તેથી આ કુશીલતા વધારનાર સ્થાનનો સાધુ દૂરથી જ ત્યાગ કરે, અપવાદે –

૨૮૪. વૃદ્ધત્વ ગ્રસ્ત, વ્યાધિથી પીડિત અને તપસ્વી એ ત્રણમાંથી કોઈને ગૃહસ્થના ઘેર બેસવું કલ્પે છે.

## સૂત્ર-૨૮૫ થી ૨૮૮

૨૮૫. રોગી હોય કે નીરોગી, જે સાધુ સ્નાનને પ્રાર્થે છે, તેના આચારનું અતિક્રમણ થાય છે. તેના સંયમ શૂન્ય

રૂપ થઈ જાય છે.

૨૮૬. પોલી ભૂમિ અને ભૂમિની ફાટમાં સૂક્ષ્મ જીવો હોય છે. પ્રાસૂક પાણીથી પણ સ્નાન કરનારો ભિક્ષુ તે જીવોને જળથી પ્લાવિત કરી દે છે.

૨૮૭. તેથી તે સાધુ–સાધ્વી શીતળ કે ઉષ્ણ જળથી સ્નાન ન કરે. તેઓ જાવજ્જીવ ઘોર અસ્નાન વ્રતમાં દૃઢતાથી સ્થિર રહે છે.

૨૮૮. સંયમી સાધુ–સાધ્વી સ્નાન અથવા પોતાના શરીરનું ઉબટન કરવા માટે કલ્પ, લોધ્ર કે પદ્મરાગનો કદાપિ ઉપયોગ ન કરે.

**સૂત્ર–૨૮૯ થી ૨૯૧**

૨૮૯. નગ્ન, મુંડિત, દીર્ઘ વાળ અને નખોવાળા તથા મૈથુનથી ઉપશાંત સાધુને વિભૂષા કરવાનું શું પ્રયોજન ?

૨૯૦. વિભૂષા નિમિત્ત સાધુ–સાધ્વી ચીકણા કર્મ બાંધે છે, જેના કારણે તે દુસ્તર સંસાર સાગરમાં પડે છે.

૨૯૧. તીર્થંકર દેવો વિભૂષામાં સંલગ્ન ચિત્તને કર્મ બંધનનો હેતુ માને છે. આવું ચિત્ત સાવદ્ય બહુલ છે. આ છકાયના ત્રાતા સાધુ–સાધ્વી દ્વારા આસેવિત નીથી.

**સૂત્ર–૨૯૨ , ૨૯૩**

વ્યામોહરહિત તત્ત્વદર્શી તથા તપ, સંયમ, આર્જવગુણમાં રત રહેનારા, તે પોતાના શરીરને ક્ષીણ કરી દે છે. પૂર્વકૃત્ પાપોનો ક્ષય કરે છે અને નવા પાપ કરતા નથી.

સદા ઉપશાંત, મમત્વ રહિત, અકિંચન, અધ્યાત્મ વિદ્યાના અનુગામી, જગતના જીવોના ત્રાતા અને યશસ્વી છે. શરદ ઋતુના નિર્મળ ચંદ્રમાની સમાન સર્વથા વિમલ સાધુ સિદ્ધિને અથવા વૈમાનિકપણુ પ્રાપ્ત કરે છે –

તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૬ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૭ 'વાક્યશુદ્ધિ'

## સૂત્ર-૨૯૪ થી ૨૯૭

૨૯૪. પ્રજ્ઞાવાન સાધુ ચારે ભાષાઓને બધા પ્રકારે જાણીને બે ઉત્તમ ભાષાનો શુદ્ધ પ્રયોગ કરવો શીખે અને બે ભાષાઓ સર્વથા ન બોલે.

૨૯૫. જે ભાષા સત્ય પણ અવક્તવ્ય છે, જે સત્યામૃષા અને મૃષા છે તથા જે અસત્યામૃષા છે પણ તીર્થંકર દેવો દ્વારા અનાચીર્ણ છે, તેને પણ પ્રજ્ઞાવાન સાધુ ન બોલે.

૨૯૬. જે અસત્યામૃષા અને સત્યભાષા અનવદ્ય, અકર્કશ, અસંદિગ્ધ છે, તેને સમ્યક્ પ્રકારે વિચારીને બોલે.

૨૯૭. સત્યામૃષા ભાષા પણ ન બોલે, જેનો અર્થ આમ છે કે બીજો ? એ પ્રમાણે સંદિગ્ધ હોય.

## સૂત્ર-૨૯૮ થી ૩૦૦

૨૯૮. જે મનુષ્ય સત્ય દેખાતી અસત્ય વસ્તુનો આશ્રય કરીને બોલે છે, તેનાથી પણ તે પાપથી સ્પૃષ્ટ થાય છે, તો જે મૃષા બોલે છે, તેના પાપનું કહેવું જ શું ?

૨૯૯. તેથી અમે જઈશું, અમે કહીશું, અમારુ અમુક કામ અવશ્ય થશે, હું કરીશ કે આ તે અવશ્ય કરશે.

૩૦૦. આ અને આવી બીજી ભાષાઓ જે ત્રણે કાળ સંબંધમાં શંકિત હોય તેને ધૈર્યવાન સાધુ ન બોલે.

## સૂત્ર-૩૦૧ થી ૩૦૩

૩૦૧. અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી જે અર્થને ન જાણતો હોય, તે વિષયમાં 'આ એ પ્રકારે છે' તેમ ન બોલે.

૩૦૨. અથવા જેના વિષયમાં શંકા હોય ત્યાં 'આ એ પ્રકારે છે' તેમ ન કહે.

૩૦૩. પરંતુ ત્રણે કાળ સંબંધી જે અર્થ નિઃશંકિત હોય, તેના વિષયમાં 'આ એ પ્રકારે છે' એવો નિર્દેશ કરે.

## સૂત્ર-૩૦૪ થી ૩૧૩

૩૦૪ થી ૩૦૬. તે પ્રમાણે જે ભાષા કઠોર હોય, ઘણા પ્રાણીનો ઘાત કરનારી હોય, તે સત્ય હોય તો પણ ન બોલવી, તેનાથી પાપકર્મનો બંધ થાય છે.

એ પ્રમાણે કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી, ચોરને ચોર ન કહે. ઉક્ત અર્થથી કે બીજા એવા અર્થથી કોઈ પ્રાણી પીડિત થાય છે, તે અર્થને આચાર સંબંધી ભાવદોષને જાણનાર પ્રજ્ઞાવાન સાધુ કદાપિ ન બોલે.

૩૦૭. એ પ્રમાણે જ પ્રજ્ઞાવાન સાધુ રે ગોલ ! રે હોલ ! ઓ કૂતરા ! હે ભિખારી ! ઇત્યાદિ ન બોલે.

૩૦૮ થી ૩૧૦. સ્ત્રીને હે દાદી ! હે નાની ! હે મા ! હે માસી ! હે પુત્રી ! એમ ન બોલાવે. તથા હે હોલી ! હે હલે ! હે અન્ને ! હે ભટ્ટે ! હે ગોલે ! એવા શબ્દોથી પણ ન બોલાવે.

પરંતુ યથાયોગ્ય ગુણ, દોષ, વય આદિનો વિચાર કરીને એકવાર કે વારંવાર તેણીને તેના નામ કે ગોત્રથી આમંત્રિત કરે.

૩૧૧ થી ૩૧૩. પુરુષને હે દાદા ! હે નાના ! હે પરદાદા ! હે પિતા ! હે કાકા ! હે મામા ! ઇત્યાદિ નામોથી કે હે હલ ! હે અન્ન ! હે ભટ્ટ ! હે સ્વામી ! હે હોલ ! હે ગોલ ! હે વૃષલ ! એવા શબ્દોથી આમંત્રિત ન કરે.

પરંતુ યથાયોગ્ય ગુણ, દોષ, વય આદિનો વિચાર કરી એકવાર કે વારંવાર તેમના નામ કે ગોત્રથી બોલાવે.

## સૂત્ર-૩૧૪ થી ૩૧૮

૩૧૪ થી ૩૧૬. પંચેન્દ્રિય પ્રાણી જ્યાં સુધી તે માદા છે કે નર, તે નિશ્ચયથી ન જાણે ત્યાં સુધી તેને 'જાતિ'થી ઓળખાવે. એ પ્રમાણે મનુષ્ય, પશુ-પક્ષી કે સર્પાદિને જોઈને આ સ્થૂળ છે કે બહુ જાડો છે, વધ્ય છે કે પાક્ય છે એ

પ્રમાણે ન બોલે. પ્રયોજનથી બોલવું પડે તો તેને પરિવૃદ્ધ, ઉપચિત, સંજાત, પ્રીણિત, મહાકાય ઇત્યાદિ કહે.

૩૧૭, ૩૧૮. એ પ્રમાણે પ્રજ્ઞાવાન મુનિ – આ ગાય મહાકાય યોગ્ય છે, વાછરડા નાથવા યોગ્ય કે વાહ્ય છે, રથ યોગ્ય છે. એ પ્રમાણે ન બોલે. બોલવું જ પડે તો આ યુવાન બળદ છે. આ દૂધ દેનારી છે કે આ લઘુ કે મોટો કે સંવહન બળદ છે, એ પ્રમાણે જ બોલે.

### સૂત્ર–૩૧૯ થી ૩૨૮

૩૧૯ થી ૩૨૨. આ પ્રકારે ઉદ્યાનમાં, પર્વતો પર, વનોમાં જઈને મોટા વૃક્ષોને જોઈને પ્રજ્ઞાવાન સાધુ આમ ન બોલે કે આ વૃક્ષ પ્રાસાદ, સ્તંભ, તોરણ, ઘર, પરિઘ, અર્ગલા, નૌકા, જલકુંડી યોગ્ય છે.

પીઠ, કાષ્ઠપત્ર, હળ, મયિક, યંત્રયષ્ટિ, ગાડીના પૈડાની નાભિ કે ગંડિકા માટે આ કાષ્ઠ ઉપયુક્ત થઈ શકે છે, તેમ ન બોલે. આસન, શયન, યાન અને ઉપાશ્રય માટે ઉપયુક્ત કોઈ કાષ્ઠ છે – એવી ભૂતોપઘાતી ભાષા પ્રજ્ઞાસંપન્ન સાધુ ન બોલે.

૩૨૩, ૩૨૪. કારણવશ ઉદ્યાન, પર્વત કે વનોમાં હોય તો તે પ્રજ્ઞાવાન સાધુ ત્યાંના મોટા વૃક્ષ જોઈને એમ બોલે કે – આ વૃક્ષો ઉત્તમ જાતિના, દીર્ઘ, ગોળ, મહાલય, શાખા અને પ્રશાખાવાળા, દર્શનીય કહે.

૩૨૫, ૩૨૬. તથા આ ફળ પરિપક્વ થયા છે, પકાવીને ખાદ્ય છે, એ પ્રમાણે સાધુ–સાધ્વી ન બોલે. તથા આ ફળ કાલોચિત છે, તેમાં ગોટલી બંધાણી નથી, આ બે ટૂકડા કરવા યોગ્ય છે, આ પ્રમાણે પણ ન બોલે. બોલવું જ પડે તો આ વૃક્ષ ફલોનો ભાર સહન કરવા અસમર્થ છે, બહુ નિવર્તિત ફળવાળા છે, બહુ સંભૂત કે ભૂતરૂપ છે, એમ બોલે.

૩૨૭, ૩૨૮. એ પ્રમાણે આ ધાન્ય–ઔષધિ પાકી ગઈ છે, લીલી કે છાલવાળી છે, કાપવા કે ભૂંજવા કે શેકીને ખાવા યોગ્ય છે, તેમ ન કહે.

જો પ્રયોજનવશ બોલવું જ પડે તો આ ઔષધિઓ અંકુરિત, પ્રાયઃ નિષ્પન્ન, સ્થિરીભૂત, ઉપઘાતથી પાર થઈ છે, કર્ણ ગર્ભમાં છે કે બહાર નીકળેલ છે. અથવા પરિપક્વ બીજવાળા થયા છે, તેમ બોલે.

### સૂત્ર–૩૨૯ , ૩૩૦

એ પ્રમાણે સાધુ સંખડી – જમણવાર અને કૃત્ય – મૃતભોજન જાણીને આ કરણીય છે, ચોર વધ્ય છે, નદી તરવા યોગ્ય છે કે ઘાટવાળી છે એવું ન બોલે.

જો પ્રયોજનવશ બોલવું પડે તો – સંખડીને સંખડી કહે, ચોરને પ્રણિતાર્થ, તીર્થ–ઘાટ ઘણા સમ છે, એ પ્રમાણે વિચારીને બોલે.

### સૂત્ર–૩૩૧ થી ૩૩૩

આ નદીઓ જળથી પૂર્ણ ભરેલી છે, શરીરથી તરવા યોગ્ય છે, નૌકા દ્વારા પાર થઈ શકે છે, પ્રાણીઓ કિનારે બેસી સુખેથી તેનું પાણી પી શકે છે – એ પ્રમાણે ન બોલે.

પણ પ્રયોજનવશ બોલવું પડે તો પ્રાયઃ જળથી ભરેલી, અગાધ, ઘણી નદીઓના પ્રવાહને હટાવનારી, ઘણા વિસ્તૃત જળવાળી છે. એ પ્રમાણે પ્રજ્ઞાવાન ભિક્ષુ બોલે.

એ પ્રમાણે સાવદ્ય વ્યાપાર બીજાને માટે કરાયેલ હોય કે કરાતો હોય કે કરાશે, એ પ્રમાણે જાણી મુનિ સાવદ્ય વચન ન બોલે.

### સૂત્ર–૩૩૪ , ૩૩૫

કોઈ સાવદ્યકાર્ય થઈ રહેલ હોય તો તેને જોઈને – સારું કર્યું, સારું પકાવ્યું, સારુ છેદ્યુ, સારુ હરાયુ, સારુ થયુ – મર્યો, સુનિષ્ઠિત, સુલષ્ટિત ઇત્યાદિ સાવદ્ય વચનો મુનિ ન બોલે. પણ બોલવું પડે તો – પ્રયત્નથી પકાવેલ છે, છેદેલ છે, કાપેલ છે, એ પ્રમાણે બોલે. શૃંગારાદિ કર્મબંધ હેતુક કન્યા સૌંદર્ય જોઈને એમ કહે કે – પ્રયત્નપૂર્વક

લાલનપાલન કરાયેલ છે, તથા આ પ્રહાર ગાઢ છે, એવા નિર્દોષ વચન બોલે.

### સૂત્ર–૩૩૬ થી ૩૩૯

૩૩૬. આ વસ્તુ સર્વોત્કૃષ્ટ છે, બહુમૂલ્ય છે, અતુલ છે, આના જેવી બીજી કોઈ વસ્તુ નથી. આ વસ્તુ અવિક્રેય છે, અવર્ણનીય છે, અપ્રીતિકર છે ઇત્યાદિ વચનો ન બોલે.

૩૩૭. હું તમારો બધો સંદેશો અવશ્ય કહી દઈશ. અથવા તમે તેને આ બધો સંદેશો આપજો, એમ ન બોલે. પરંતુ પૂર્વોપર વિચારીને બોલે. જેથી કર્મબંધ ન થાય.

૩૩૮. સારું થયું – ખરીદ્યુ, સારું થયુ વેચ્યુ, આ ખરીદવા યોગ્ય નથી, આ ખરીદવા યોગ્ય છે. આ વસ્તુ લઈ લો, આ વેંચી દો આવા વ્યવસાયિક વચનો ન બોલે.

૩૩૯. અલ્પમૂલ્ય કે બહુમૂલ્ય વસ્તુ ખરીદવા કે વેચવાના વિષયમાં પૂછે તો પ્રસંગ ઉપસ્થિત થતા સાધુ–સાધ્વી નિરવદ્ય વચન બોલે.

### સૂત્ર–૩૪૦ થી ૩૪૨

૩૪૦. એ પ્રમાણે ધીર અને પ્રજ્ઞાવાન સાધુ, અસંયમીને બેસ, આવ, આમ કર, સૂઈ જા, ઊભો રહે, ચાલ્યો જા – એવું ન કહે.

૩૪૧, ૩૪૨. આ ઘણા અસાધુ લોકમાં સાધુ કહેવાય છે. પરંતુ નિર્ગ્રન્થો અસાધુને – 'આ સાધુ છે' એમ ન કહે. સાધુને જ 'આ સાધુ છે' એમ કહે.

જ્ઞાન અને દર્શનથી સંપન્ન તથા સંયમ અને તપમાં રત એવા સદ્‌ગુણોથી સમાયુક્ત સંયમીને જ સાધુ કહે.

### સૂત્ર–૩૪૩ થી ૩૪૭

૩૪૩. દેવો, મનુષ્યો કે તિર્યંચોનો પરસ્પર સંગ્રામ થાય ત્યારે અમુકનો વિજય થાય કે અમુકનો વિજય ન થાય – એમ ન બોલે.

૩૪૪. વાયુ, વૃષ્ટિ, શરદી, ગરમી, ક્ષેમ, સુભિક્ષ કે શિવ, એ ક્યારે થશે ? અથવા તે ન થાઓ, એમ ન બોલે.

૩૪૫. મેઘ, આકાશ કે મનુષ્યને "આ દેવ છે – આ દેવ છે", એવી ભાષા ન બોલે. આ મેઘ ચડેલો છે કે ઉન્નત છે, આ મેઘમાલા વરસી પડી છે, એમ ન બોલે.

૩૪૬. સાધુ નભ અને મેઘને અંતરીક્ષ તથા ગુહ્યાનુચરિત એમ કહે. તથા ઋદ્ધિમાન મનુષ્યને જોઈને – 'આ ઋદ્ધિશાળી છે' એવું કહે.

૩૪૭. એ પ્રમાણે – જે ભાષા સાવદ્યનું અનુમોદન કરનારી હોય, જે નિશ્ચયકારિણી તથા પરોપઘાતકારિણી હોય, તેને ક્રોધ–લોભ–ભય કે હાસ્યવશ પણ સાધુ–સાધ્વી ન બોલે.

### સૂત્ર–૩૪૮ થી ૩૫૦

૩૪૮. જે મુનિ શ્રેષ્ઠ વચનશુદ્ધિનું સમ્યક્ સંપ્રેક્ષણ કરીને દોષયુક્ત ભાષાને સર્વદા સર્વથા છોડી દે તથા પરિમિત અને દોષરહિત વચન પૂર્વાપર વિચારીને બોલે છે, તે સત્પુરુષો મધ્યે પ્રશંસાય છે.

૩૪૯. છ જીવનિકાય પ્રતિ સંયત તથા શ્રામણ્યભાવમાં સદા યત્નશીલ પ્રબુદ્ધ સાધુ ભાષાના દોષ અને ગુણોને જાણીને, સદોષ ભાષાનો નિરંતર ત્યાગ કરે અને હિતકારી તથા મધુર ભાષા બોલે.

૩૫૦. ગુણ–દોષ વિશે સમીક્ષા પૂર્વક બોલનાર, ઈન્દ્રિયોને વશ રાખનાર, ચાર કષાયથી રહિત, પ્રતિબંધ રહિત સાધુ, પૂર્વકૃત્ પાપ–મલનો નાશ કરીને ઉભયલોકનો આરાધક થાય, તેમ હું કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૭ નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૮ 'આચાર પ્રણિધિ'

## સૂત્ર–૩૫૧

આચાર પ્રણિધિને પામીને ભિક્ષુએ જે પ્રકારે જે કરવું જોઈએ તે પ્રકારે હું તમને કહીશ, તે તમે અનુક્રમથી મારી પાસેથી સાંભળો.

## સૂત્ર–૩૫૨ થી ૩૬૨

૩૫૨, ૩૫૩. પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ તથા તૃણ, વૃક્ષ, બીજ અને ત્રસ પ્રાણીને જીવ છે, એમ મહર્ષિ મહાવીરે કહેલ છે. તેમના પ્રતિ મન, વચન, કાયાથી સદા અહિંસામય વ્યાપારપૂર્વક રહેવું જોઈએ. એ પ્રમાણે તે સંયત થાય છે.

૩૫૪. સુસમાહિત સંયમી ત્રણ કરણ અને ત્રણ યોગથી પૃથ્વી, ભિત્તિ, શિલા, માટી, ઢેફાનું ભેદન કે સંલેખન ન કરે.

૩૫૫. સંયમીસાધુ શુદ્ધ પૃથ્વી કે સચિત્ત રજ સંસૃષ્ટ આસને ન બેસે અથવા અવગ્રહ યાચી, પ્રમાર્જીને બેસે.

૩૫૬. સંયમી સાધુ જળ, વર્ષાજળ અને હીમનું સેવન ન કરે. તપ્ત પ્રાસૂક ઉષ્ણ જળને જ ગ્રહણ કરે.

૩૫૭. સચિત્તજળથી ભીંજાયેલ પોતાના શરીરને ન લૂંછે, ન મસળે, તથાભૂત શરીરને જોઈને તેનો સ્પર્શ ન કરે

૩૫૮. સાધુ અંગારા, અગ્નિ, જ્વાલા, ચિનગારી આદિને ન સળગાવે, ન હલાવે કે ન બુઝાવે.

૩૫૯. તાલવૃંત, પાંદડા, વૃક્ષ શાખા કે સામાન્ય પંખાથી પોતાના શરીરને કે બાહ્ય પુદ્ગલને પણ હવા ન કરે.

૩૬૦, ૩૬૧. તૃણ, વૃક્ષ, ફળ, મૂળને છેદે નહીં, વિવિધ પ્રકારના સચિત્ત બીજોને મનથી પણ ઈચ્છા ન કરે. વનકુંજોમાં બીજો, હરિત, પાણી, ઉત્તિંગ અને પનક ઉપર ઊભો ન રહે.

૩૬૨. મુનિ વચન કે કર્મથી ત્રસ પ્રાણીની હિંસા ન કરે. સર્વે જીવોની હિંસાથી અટકેલો સાધુ વિવિધ સ્વરૂપ વાળા જગતને જુએ.

## સૂત્ર–૩૬૩ થી ૩૬૬

૩૬૩. સંયમી સાધુ, જેને જાણીને સર્વ જીવો પ્રત્યે દયાનો અધિકાર બને છે, તે આઠ સૂક્ષ્મોને સારી રીતે જોઈને જ બેસે, સૂવે કે ઊભો રહે.

૩૬૪. તે આઠ સૂક્ષ્મો કયા છે? ત્યારે મેધાવી અને વિચક્ષણ સાધુ આ પ્રમાણે કહે –

૩૬૫. સ્નેહસૂક્ષ્મ, પુષ્પસૂક્ષ્મ, પ્રાણીસૂક્ષ્મ, ઉત્તિંગસૂક્ષ્મ, પનકસૂક્ષ્મ, બીજસૂક્ષ્મ, હરિતસૂક્ષ્મ અને અંડસૂક્ષ્મ.

૩૬૬. બધી ઈન્દ્રિયોના વિષયમાં રાગ–દ્વેષ સહિત સંયમી સાધુ આ પ્રકારે તે આઠ સૂક્ષ્મ જીવોને સર્વ પ્રકારે સદા અપ્રમત્ત યાતના કરે.

## સૂત્ર–૩૬૭ થી ૩૭૮

૩૬૭, ૩૬૮. સંયત સાધુ–સાધ્વી સદૈવ મનોયોગપૂર્વક પાત્ર, કંબલ, શય્યા, ઉચ્ચારભૂમિ, સંસ્તારક કે આસનને પડિલેહે.

સંયમી ઉચ્ચાર, પ્રસ્રવણ, કફ, નાકના મેલ, પરસેવો આદિને પ્રાસુક ભૂમિનું પ્રતિલેખન કરીને જયણાપૂર્વક પરઠવે.

૩૬૯. ભોજન કે પાણીને માટે ગૃહસ્થના ઘેર પ્રવેશતો સાધુ જયણાથી ઊભો રહે, પરિમિત બોલે અને રૂપમાં મનને ડામાડોળ ન કરે.

૩૭૦. સાધુ કાનથી ઘણુ સાંભળે, આંખોથી ઘણુ જુએ, પણ બધુ જોયેલ–સાંભળેલને કહી દેવું ઉચિત નથી.

૩૭૧. જો જોયેલ–સાંભળેલ ઘટના ઔપઘાતિક હોય તો ન કહેવી તથા કોઈપણ ઉપાયથી ગૃહસ્થોચિત

આચરણ ન કરે.

૩૭૨. ભોજન સરસ છે કે નીરસ, સારું છે કે ખરાબ, મળેલ છે કે નહીં, તેવું કોઈ પૂછે કે ન પૂછે, તો પણ ન કહે

૩૭૩. ભોજનમાં ગૃદ્ધ ન થાય, વ્યર્થ ન બોલતો ઉંછ ભિક્ષા લે. અપ્રાસુક, ક્રીત, ઔદ્દેશિક, આહૃત આહારનો પણ ઉપયોગ ન કરે.

૩૭૪. સંયત સાધુ અણુમાત્ર પણ સંનિધિ ન કરે. સદૈવ મુધાજીવી અસંબદ્ધ અને જનપદને નિશ્રિત રહે.

૩૭૫. રૂક્ષવૃત્તિ, સુસંતુષ્ટ, અલ્પેચ્છક, થોડા આહારથી તૃપ્ત થનાર હોય. તે જિન પ્રવચન સાંભળીને ક્રોધભાવને ન પામે.

૩૭૬. કાનોને સુખકર શબ્દોમાં રાગભાવ ન સ્થાપે. દારુણ અને કર્કશ સ્પર્શને શરીરથી સમભાવે સહે.

૩૭૭, ૩૭૮. ભૂખ, તરસ, દુઃશય્યા, શીત, ઉષ્ણ, અરતિ, ભયને મુનિ અવ્યથિત પણે સહન કરે, દેહદુઃખ મહાફળકારી છે.

સૂર્ય અસ્તથી, પૂર્વમાં સૂર્યોદય ન થાય ત્યાં સુધી, બધા પ્રકારના આહાર આદિ પદાર્થોની મનથી પણ સાધુ ઈચ્છા ન કરે.

## સૂત્ર–૩૭૯ થી ૩૯૦

૩૭૯. સાધુ આહાર ન મળે કે નીરસ મળે ત્યારે બબડાટ ન કરે, ચંચળતા ન કરે, અલ્પભાષી, મિતભોજી અને ઉદરનો દમન કરનાર થાય, થોડું મળે તો પણ દાતાને ન નિંદે.

૩૮૦. કોઈ જીવનો તિરસ્કાર ન કરે, ઉત્કર્ષ પણ પ્રગટ ન કરે, શ્રુત–લાભ–જાતિ–તપ–બુદ્ધિનો મદ ન કરે.

૩૮૧. જાણતા કે અજાણતા કોઈ અધાર્મિક કૃત્ય થઈ જાય તો તુરંત પોતાને તેનાથી રોકે તથા બીજી વખત તે કાર્ય ન કરે.

૩૮૨. અનાચાર સેવીને તેને ન છૂપાવે કે ન અપલાપ કરે, પણ સદા પવિત્ર થઈ પ્રગટ ભાવે, અસંસક્ત અને જિતેન્દ્રિય રહે.

૩૮૩. મુનિ, મહાન આત્મા આચાર્યના વચનને સફળ કરે. તે આચાર્યના કથનને સારી રીતે ગ્રહણ કરી, કાર્ય દ્વારા સંપન્ન કરે.

૩૮૪. જીવનને અધ્રુવ અને આયુને પરિમિત જાણીને તથા સિદ્ધિ માર્ગમાં વિશેષ રૂપે જ્ઞાન પામીને ભોગોથી નિવૃત્ત થઈ જાય.

૩૮૫. પોતાનું બળ, પરાક્રમ, શ્રદ્ધા અને આરોગ્યને જોઈને તથા ક્ષેત્ર અને કાળને જાણીને, પોતાની આત્માને ધર્મકાર્યમાં નિયોજિત કરે.

૩૮૬. જ્યાં સુધી જરા ન પીડે, રોગ વધે નહીં, ઇન્દ્રિયો ક્ષીણ ન થાય, ત્યાં સુધી ધર્મનું સમ્યક્ આચરણ કરે.

૩૮૭ થી ૩૯૦. ક્રોધ, માન, માયા, લોભ, પાપવર્ધક છે. આત્મા હિતનો ઈચ્છુક, આ ચારે દોષોનું અવશ્ય વમન કરે.

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો, માયા મૈત્રીનો અને લોભ સર્વનો વિનાશ કરનાર છે.

ક્રોધને ઉપશમથી હણે, માનને માર્દવતાથી જીતે, માયાને આર્જવ ભાવથી અને લોભને સંતોષથી જીતે.

અનિગૃહીત ક્રોધ અને માન તથા પ્રવર્ધમાન માયા અને લોભ, આ ચારે સંક્લિષ્ટ કષાયો પુનર્જન્મના મૂળને સીંચે છે.

## સૂત્ર–૩૯૧ થી ૪૦૦

૩૯૧. સાધુ, રત્નાધિકો પ્રત્યે વિનયી બને, ધ્રુવશીલતાને કદાપિ ન ત્યાગે, કાચબાની જેમ આલીન–પ્રલીન

ગુપ્ત થઈને તપ અને સંયમમાં પરાક્રમ કરે.

૩૯૨. સાધુ નિદ્રાને બહુ ન કરે, અતિ હાસ્યને પણ વર્જિત કરે, પારસ્પારિક વિકથામાં રમણ ન કરે, સદા સ્વાધ્યાયમાં રત રહે.

૩૯૩. સાધુ આળસ રહિત થઈ શ્રમણ-ધર્મમાં યોગોને સદૈવ નિયુક્ત કરે, કેમ કે શ્રવણ ધર્મમાં સંલગ્ન સાધુ અનુત્તર અર્થને પામે છે.

૩૯૪. જેના દ્વારા આલોક-પરલોકમાં હિત થાય છે, જેથી સુગતિ પામે છે. બહુશ્રુતને તે પર્યુપાસે. પૂછીને અર્થ નિશ્ચય કરે.

૩૯૫. જિતેન્દ્રિય મુનિ પોતાના હાથ, પગ, શરીરને સંયમિત કરીને આલીન અને ગુપ્ત થઈને ગુરુ સમીપે બેસે. ૩૯૬. આચાર્યાદિને પડખે, આગળ કે પૃષ્ઠ ભાગે તથા ગુરુના પગ સાથે પગ અડાડી ન બેસે.

૩૯૭. સાધુ પૂછ્યા વિના ન બોલે, ગુરુ બોલતા હોય તો વચ્ચે ન બોલે, ચુગલી ન કરે, માયામૃષાનું વર્જન કરે

૩૯૮. જે ભાષા બોલતા અપ્રીતિ થાય કે બીજો જલદી કુપિત થાય, એવી અહિતકર્તા ભાષા સર્વથા ન બોલે.

૩૯૯. આત્માર્થી સાધુ પરિમિત, દૃષ્ટ, અસંદિગ્ધ, પરિપૂર્ણ, વ્યક્ત, પરિચિત, અજલ્પિત અને અનુદ્વિગ્ન ભાષા બોલે.

૪૦૦. આચાર અને ભગવતી સૂત્ર ધારક, દૃષ્ટિવાદના અધ્યેતા સાધુ વચનથી સ્ખલિત થઈ જાય તો મુનિ તેમનો ઉપહાસ ન કરે.

### સૂત્ર-૪૦૧ થી ૪૧૦

૪૦૧. નક્ષત્ર, સ્વપ્ન ફળ, યોગ, નિમિત્ત, મંત્ર, ભોજનાદિ ગૃહસ્થને ન કહે, કેમ કે તે પ્રાણી હિંસાના સ્થાન છે.

૪૦૨. બીજાને માટે બનેલ, ઉચ્ચારભૂમિથી યુક્ત, સ્ત્રી-પશુથી રહિત શય્યા અને આસનનું સેવન કરે.

૪૦૩. જો ઉપાશ્રય વિવિક્ત હોય તો માત્ર સ્ત્રીઓ વચ્ચે ધર્મ ન કહે. ગૃહસ્થ પરીચય ન કરે, સાધુ સાથે જ પરીચય કરે.

૪૦૪. જેમ કુકડાના બચ્ચાને બિલાડાનો સતત ભય રહે છે, એ જ રીતે બ્રહ્મચારીને સ્ત્રી શરીરથી ભય રહે.

૪૦૫. ભીંતમાં ચીતરેલ સ્ત્રી કે વિભૂષિત સ્ત્રીને ટીકી-ટીકીને ન જુએ, કદાચ દૃષ્ટિ પડી જાય તો દૃષ્ટિ એ રીતે પાછી ખેંચે, જે રીતે સૂર્ય પ્રતિ પડેલી દૃષ્ટિ ખેંચી લે.

૪૦૬. જેના હાથ, પગ છેદાયેલ હોય, કાન-નાકથી વિકલ હોય એવી ૧૦૦ વર્ષની સ્ત્રીનો સંસર્ગ પણ બ્રહ્મચારી તજી દે.

૪૦૭. આત્મગવેષા પુરુષ માટે વિભૂષા, સ્ત્રી સંસર્ગ અને સ્નિગ્ધ રસયુક્ત ભોજન તાલપુટવિષ સમાન છે.

૪૦૮. સ્ત્રીઓના અંગ, પ્રત્યંગ, સંસ્થાન, મધુર વાણી, કટાક્ષ પ્રત્યે સાધુ ધ્યાન ન આપે, કેમ કે તે કામરાગ વિવર્ધક છે.

૪૦૯. શબ્દાદિ પુદ્‌ગલોનું પરિણમન અનિત્ય જાણીને, મનોજ્ઞ વિષયોમાં સાધુ રાગભાવ ન સ્થાપે.

૪૧૦. તે શબ્દાદિ પુદ્‌ગલના પરિણમનને જેવા છે તેવા જાણીને પોતાના પ્રશાંત આત્માથી તૃષ્ણા રહિત થઈને વિચરણ કરે.

### સૂત્ર-૪૧૧ થી ૪૧૪

૪૧૧. જે શ્રદ્ધાથી નિષ્ક્રમણ કરે, ઉત્તમ પર્યાય સ્થાનને સ્વીકારે તે જ શ્રદ્ધાથી આચાર્ય સંમત ગુણોની અનુપાલના કરે.

૪૧૨. જે મુનિ આ સૂત્રોક્ત તપ, સંયમ, યોગ, સ્વાધ્યાય યોગમાં સદા અધિષ્ઠ રહે, તે પોતાની અને બીજાની

રક્ષા કરવામાં એ જ રીતે સમર્થ થાય, જે રીતે સેનાથી ઘેરાયેલ સર્વાયુધોથી સજ્જ શૂરવીર.

૪૧૩. સ્વાધ્યાય અને સદ્દ્ધ્યાનમાં રત, ત્રાતા, નિષ્પાપ ભાવવાળા અને તપોરત મુનિના પૂર્વકૃત કર્મ, અગ્નિ દ્વારા તપાવાયેલ સોના–ચાંદી માફક વિશુદ્ધ થાય છે.

૪૧૪. જે પૂર્વોક્ત ગુણોથી યુક્ત છે, દુઃખોને સહે છે, જિતેન્દ્રિય છે, શ્રુતથી યુક્ત છે, મમત્વરહિત અને અકિંચન છે, તેઓ કર્મરૂપી મેઘ દૂર થઈ જતા, વાદળા રહિત ચંદ્ર જેવા શોભે છે – તેમ હું કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૮નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૯ 'વિનય સમાધિ'

## અધ્યયન-૯, ઉદ્દેશો-૧

### સૂત્ર-૪૧૫

જે સાધુ માન, ક્રોધ, માયા કે પ્રમાદથી ગુરુ સમીપે વિનય શીખતો નથી, તે માનાદિ જ તેના જ્ઞાનાદિ વૈભવનો, વાંસના ફળની સમાન વિનાશને માટે થાય છે.

### સૂત્ર-૪૧૬ થી ૪૨૪

૪૧૬. જે સાધુ ગુરુની 'આ મંદબુદ્ધિ છે, અલ્પવયસ્ક છે, અલ્પશ્રુત છે" એમ જાણીને હીલના કરે છે, તે મિથ્યાત્વ પામીને ગુરુની આશાતના કરે છે.

૪૧૭. કેટલાક ગુરુ સ્વભાવથી જ મંદ હોય છે. કોઈ અલ્પવયસ્ક પણ શ્રુત અને બુદ્ધિથી સંપન્ન હોય છે. તે આચારવત્ અને ગુણોમાં સુસ્થિતાત્મા, હેલણા કરીને ઈંધણની જેમ ગુણોને ભસ્મ કરી દે છે.

૪૧૮. જે કોઈ સર્પનું બચ્ચુ સમજીને તેની કદર્થના કરે છે, તે તેના અહિતને માટે થાય છે, એ પ્રમાણે જ તે મંદબુદ્ધિ એકેન્દ્રિયાદિ જાતિ પથે ગમન કરે છે.

૪૧૯. અત્યંત ક્રુદ્ધ આશીવિષ સર્પ જીવન નાશથી વધારે બીજું શું કરી શકે? પરંતુ અપ્રસન્ન આચાર્ય અબોધિનું કારણ બને, મોક્ષ ન મળે.

૪૨૦. જે પ્રજ્વલિત અગ્નિને મસળે છે, આશીવિષ સર્પને કુપિત કરે છે અથવા જીવિતાર્થી હોવા છતાં વિષ ભક્ષણ કરે છે, આ બધી ઉપમા ગુરુની આશાતના સાથે તુલ્ય છે.

૪૨૧. કદાચ તે પ્રચંડ અગ્નિ ન બાળે, કુપિત આશીવિષ સર્પ પણ ન ડસે, કે હળાહળ ઝેર પણ ન મારે, પરંતુ ગુરુની અવહેલનાથી કદાપિ મોક્ષ ન સંભવે.

૪૨૨. જે પર્વતને મસ્તકથી ભેદવા ઈચ્છે છે, સૂતેલા સિંહને જગાડે છે, ભાલાની અણી પર પ્રહાર કરે છે, આ બધાની ઉપમા ગુરુની આશાતના વડે સમાન છે.

૪૨૩. કદાચ કોઈ મસ્તકથી પર્વતને ભેદી નાખે, કદાચ કુપિત સિંહ પણ ન ખાઈ જાય, કદાચ ભાલાની અણી પણ પ્રહારકર્તાને ન ભેદે, પરંતુ ગુરુની હેલણાથી મોક્ષ કદાપિ ન સંભવે.

૪૨૪. આચાર્ય અપ્રસન્ન થવાથી બોધિલાભ થતો નથી, તેમની આશાતનાથી મોક્ષ ન મળે, તેથી નિરાબાધ સુખનો ઈચ્છુક, ગુરુની પ્રસન્નતા અભિમુખ રમણ કરે.

### સૂત્ર-૪૨૫ થી ૪૩૧

૪૨૫. જે પ્રમાણે આહિતાગ્નિ બ્રાહ્મણ વિવિધ આહૂતિ અને મંત્રપદોથી અભિષિક્ત કરેલ અગ્નિને નમસ્કાર કરે છે, તે પ્રકારે શિષ્ય અનંતજ્ઞાન યુક્ત થઈ જાય તો પણ આચાર્યશ્રી વિનયથી ભક્તિ કરે.

૪૨૬. જેમની પાસે ધર્મપદો શીખે, હે શિષ્ય! તેના પ્રત્યે વિનય કરો. મસ્તકે અંજલિ કરી, કાયા-વાણી-મનથી સદૈવ સત્કાર કરો.

૪૨૭. કલ્યાણભાગી માટે લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય એ વિરોધી સ્થાન છે. તેથી જે ગુરુ મને સતત શિક્ષા આપે છે, તેની હું સતત પૂજા કરું.

૪૨૮. જેમ રાત્રિને અંતે પ્રદીપ્ત થતો સૂર્ય સંપૂર્ણ ભરતને પ્રકાશિત કરે છે, તે રીતે આચાર્ય શ્રુત, શીલ અને પ્રજ્ઞાથી ભાવોને પ્રકાશિત કરે છે અને દેવોની વચ્ચે ઈન્દ્ર શોભે તેમ સાધુમાં આચાર્ય શોભે છે.

૪૨૯. જેમ મેઘોથી મુક્ત અત્યંત નિર્મળ આકાશમાં કૌમુદીના યોગથી યુક્ત નક્ષત્ર, તારાથી પરિવૃત ચંદ્રમા

શોભે, તેમ આચાર્ય સાધુ મધ્યે શોભે છે

૪૩૦. અનુત્તર જ્ઞાનાદિની સંપ્રાપ્તિનો ઇચ્છુક, ધર્મકામી સાધુ, જ્ઞાનાદિ રત્નોની મહાન ખાણ, સમાધિ યોગ, શ્રુત, શીલ, પ્રજ્ઞાથી સંપન્ન મહર્ષિ આચાર્યોની આરાધના કરે, તેમને વિનયથી પ્રસન્ન રાખે.

૪૩૧. મેધાવી સાધુ આ સુભાષિત વચનોને સાંભળીને અપ્રમત્ત રહે તો એવો આચાર્યની શુશ્રૂષા કરે એ રીતે અનેક ગુણો આરાધી તે અનુત્તર સિદ્ધિને પ્રાપ્ત કરે છે – એમ હું કહું છું.

## અધ્યયન-૯, ઉદ્દેશો-૨

**સૂત્ર-૪૩૨, ૪૩૩**

વૃક્ષના મૂળથી સ્કંધ ઉત્પન્ન થાય છે, સ્કંધથી શાખા ઊગે છે, શાખાથી પ્રશાખા નીકળે છે. પછી તે વૃક્ષને પત્ર, પુષ્પ, ફળ અને રસ ઉત્પન્ન થાય છે.

એ પ્રમાણે ધર્મવૃક્ષનું મૂળ વિનય છે, તેનું પરમ રસયુક્ત ફળ મોક્ષ છે. તે વિનય દ્વારા સાધુ કીર્તિ, શ્રુત અને મોક્ષને જલદી પ્રાપ્ત કરે છે.

**સૂત્ર-૪૩૪, ૪૩૫**

જે ક્રોધી છે, મૃગ સમાન અજ્ઞ છે, અહંકારી છે, દુર્વાદી છે, કપટી અને શઠ છે, તે અવિનીતાત્મા સંસાર સ્રોતમાં, જળમાં પડેલા કાષ્ઠની માફક પ્રવાહિત થતો રહે છે.

કોઈપણ ઉપાયથી વિનયમાં પ્રેરિત કરાયેલો જે મનુષ્ય કુપિત થઈ જાય છે, તે દિવ્યલક્ષ્મીને દંડથી રોકનાર થાય છે.

**સૂત્ર-૪૩૬, ૪૩૭**

એ પ્રમાણે જે ઔપવાહ્ય હાથી અને ઘોડા અવિનીત હોય છે, તેઓ સેવાકાળમાં દુઃખ ભોગવતા તથા ભાર વહનાદિ નિમ્ન કાર્યોમાં જોડવામાં આવે છે અને

જે હાથી અને ઘોડા સુવિનીત હોય છે, તેઓ સુખ અનુભવતા મહાન યશ અને ઋદ્ધિને પામતા જોવા મળે છે.

**સૂત્ર-૪૩૮, ૪૪૦**

તે જ પ્રમાણે આ લોકમાં જે અવિનિત નર-નારી હોય છે, તેઓ ચાબુકાદિ પ્રહારથી ઘાયલ, ઈન્દ્રિય વિકલ, દંડ અને શસ્ત્રથી જર્જરીત, અસભ્ય વચનોથી તાડિત, કરુણ, પરાધીન, ભૂખ અને તરસથી પીડિત થઈને દુઃખનો અનુભવ કરતા જોવાય છે અને

જેઓ સુવિનીત નર-નારી છે, તેઓ ઋદ્ધિને પામીને મહાયશસ્વી બની સુખી થતા દેખાય છે.

**સૂત્ર-૪૪૧, ૪૪૨**

એ પ્રમાણે અવિનીતાત્મા જે દેવ, યક્ષ અને ગુહ્યક હોય, તેઓ પરાધીનતા-દાસત્વ પામીને દુઃખ ભોગવતા જોવા મળે છે અને જે દેવ, યક્ષ, ગુહ્યક સુવિનિત હોય છે, તેઓ ઋદ્ધિ અને મહાન યશને પામીને સુખને અનુભવતા જોવા મળે છે.

**સૂત્ર-૪૪૩ થી ૪૪૭**

જે સાધક આચાર્ય-ઉપાધ્યાયની સેવા-શુશ્રૂષા કરે છે, તેમના વચનોનું પાલન કરે છે, તેમની શિક્ષા, જળથી સીંચાતા વૃક્ષ જેમ વધે છે.

જે ગૃહસ્થો આલોકના નિમિત્તે કે સુખોપભોગને માટે પોતાને કે બીજાને પણ શિલ્પકલા કે નૈપુણ્યને કલા શીખે છે. લલિતેન્દ્રિય વ્યક્તિ પણ કળા શીખતી વખતે શિક્ષક દ્વારા ઘોર બંધ, વધ અને દારુણ પરિતાપને પામે છે.

તો પણ તેઓ ગુરુના નિર્દેશાનુસાર વર્તતા તે શીલ્પાદિને માટે પ્રસન્નતાપૂર્વક તે શિક્ષક ગુરુની પૂજા, સત્કાર અને નમસ્કાર કરે છે. તો પછી જે સાધુ શ્રુતગ્રાહી છે, અનંત હિતના ઇચ્છુક છે, તેનું તો કહેવું જ શું ?

તેથી આચાર્ય જે કહે તેનું ભિક્ષુ ઉલ્લંઘન ન કરે.

### સૂત્ર-૪૪૮ થી ૪૫૨

સાધુ; આચાર્યશ્રીથી નીચી શય્યા કરે, નીચી ગતિ કરે, નીચા સ્થાનમાં ઊભો રહે. નીચું આસન કરે, નીચે થઈને પાદ વંદન કરે અને અંજલિ કરે. કદાચ આચાર્યના શરીરને કે ઉપકરણોને પણ સ્પર્શ થઈ જાય તો કહે – મારો અપરાધ ક્ષમા કરો, ફરી આવું નહીં થાય.

જે પ્રમાણે દુષ્ટ બળદ ચાબૂક દ્વારા પ્રેરિત કરાતા રથને વહન કરે છે, તે પ્રમાણે દુર્બુદ્ધિ શિષ્ય પણ આચાર્યોના વારંવાર કહેવાથી કાર્ય કરે છે. વસ્તુતઃ. ગુરુ એકવાર બોલાવે કે વારંવાર, બુદ્ધિમાન શિષ્ય આસને બેસીને જ ઉત્તર ન આપે, પરંતુ જલદી જ આસન છોડીને શુશ્રૂષા સાથે તેમની વાત સાંભળીને સ્વીકારે.

કાળ, ગુરુ અભિપ્રાય, ઉપચારો તથા દેશાદિને હેતુઓથી સારી રીતે જાણીને તદનુકૂળ ઉપાયોથી તે–તે કાર્યોને સંપાદિત કરે.

### સૂત્ર-૪૫૩ થી ૪૫૫

અવિનીતને વિપત્તિ અને વિનીતને સંપત્તિ પ્રાપ્ત થાય છે. જેને આ બંને પ્રકારે જ્ઞાત છે, તે જ કલ્યાણકારી શિક્ષાને પ્રાપ્ત થાય છે.

જે મનુષ્ય ચંડ છે, પોતાની મતિનો ગર્વી છે, જે પિશુન છે, સાહસિક છે, ગુરુ આજ્ઞા પાલનથી હીન છે, શ્રમણ ધર્મથી અદષ્ટ છે, વિનયમાં અનિપુણ છે, અસંવિભાગી છે, તમને કદાપિ મોક્ષ પ્રાપ્ત ન થાય.

જે ગુરુ આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરે છે, જે ગીતાર્થ છે, વિનયમાં કોવિદ છે, તેઓ આ દુસ્તર સંસાર સાગરને તરીને, કર્મોનો ક્ષય કરીને સર્વોત્કૃષ્ટ ગતિમાં ગયા છે – તેમ હું કહું છું.

## અધ્યયન-૯, ઉદ્દેશો-૩

### સૂત્ર-૪૫૬ થી ૪૬૨

૪૫૬. જે પ્રકારે આહિતાગ્નિ અગ્નિની શુશ્રૂષા કરતો જાગૃત રહે છે, તે પ્રકારે આચાર્યની શુશ્રૂષા કરતો જે જાગૃત રહે છે, આચાર્યના આલોકિત અને ઇંગિતને જાણીને તેમના અભિપ્રાયની આરાધના કરે છે, તે પૂજ્ય થાય છે.

૪૫૭. જે શિષ્ય આચારને માટે વિનય કરે છે, આચાર્યની શુશ્રૂષા કરતો વચન ગ્રહણ કરે, ઉપદેશાનુસાર કાર્ય કરવા ઇચ્છે છે અને જે ગુરુની આશાતના નથી કરતો તે પૂજ્ય થાય છે.

૪૫૮. અલ્પવયસ્ક હોવા છતાં પર્યાયમાં જે જ્યેષ્ઠ છે, તો રત્નાધિકોની પ્રતિ જે સાધુ વિનય કરે છે, નમ્ર રહે છે, સત્યવાદી છે, ગુરુ સેવા કરે છે, ગુરુ વચનનું પાલન કરે છે, તે પૂજ્ય થાય છે.

૪૫૯. સંયમયાત્રાના નિર્વાહાર્થે સદા વિશુદ્ધ, સામુદાયિક, અજ્ઞાત, ઉંછ, ભિક્ષાચર્યા જે કરે છે, જે ન મળે તો વિષાદ કરતા નથી અને મળે તો પ્રશંસા કરતા નથી તે પૂજ્ય થાય છે.

૪૬૦. જે સાધુ સંસ્તારક શય્યા, આસન, ભોજન અને પાણીનો અતિલાભ થવા છતાં અલ્પેચ્છા રહે, એ પ્રમાણે જે પોતાને સંતુષ્ટ રાખે તથા જે સંતોષ ધ્યાન જીવનમાં રત છે, તે પૂજ્ય છે.

૪૬૧. મનુષ્ય લાભની આશામાં લોઢાના કાંટાને ઉત્સાહથી સહે છે, પરંતુ જે લાભની આશા વિના કાનોમાં પ્રવિષ્ટ થનારા તીક્ષ્ણ વચનમય કાંટાને સહી લે છે, તે જ પૂજ્ય થાય છે.

૪૬૨. લોઢાનો કાંટો મુહૂર્ત માટે જ દુઃખદાયી થાય છે, પરંતુ તે પણ સુખપૂર્વક કાઢી શકાય છે. પણ વાણીથી નીકળેલા દુર્વચનકંટક મુશ્કેલીથી ઉદ્ધરાય છે, તે વૈરાનુબંધી અને મહાભયકારી હોય છે.

સૂત્ર-૪૬૩ થી ૪૭૦

૪૬૩. આવતા એવા કટુ વચનોના આઘાત કાનમાં પહોંચતા જ દૌર્મનસ્ય ઉત્પન્ન કરે છે. પરંતુ જે વીર પુરુષોમાં પરમ અગ્રણી જિતેન્દ્રિય પુરુષ, તેને પોતાનો ધર્મ માનીને સહન કરે છે, તે પૂજ્ય છે.

૪૬૪. જે મુનિ પીઠ પાછળ કદાપિ કોઈનો અવર્ણવાદ બોલતા નથી, તથા પ્રત્યક્ષ વિરોધી, નિશ્ચયકારિણી, અપ્રિયકારિણી ભાષા ન બોલે તે પૂજ્ય છે.

૪૬૫. જે લોલુપ નથી, કૌકુત્ચ્ય, માયા કે પૈશુન્ય કરતો નથી, દીનવૃત્તિ કરતો નથી, પોતાની પ્રશંસા કરતો-કરાવતો નથી અને કુતૂહલ કરતો નથી, તે પૂજ્ય છે.

૪૬૬. મનુષ્ય ગુણોથી સાધુ છે, અગુણોથી અસાધુ છે, તેથી સાધુને યોગ્ય ગુણોનું ગ્રહણ કરે અને અસાધુ ગુણોને છોડે. આત્માને આત્માથી જાણીને જ રાગદ્વેષમાં મધ્યસ્થ રહે છે, તે જ પૂજ્ય થાય છે.

૪૬૭. આ પ્રમાણે નાનો હોય કે મોટો, સ્ત્રી હોય કે પુરુષ, દીક્ષિત હોય કે ગૃહસ્થ, તેની હીલના કે ખિંસા ન કરે તથા જે અહંકાર કે ક્રોધનો ત્યાગ કરે તે પૂજ્ય છે.

૪૬૮. સન્માનિત કરાયેલ આચાર્ય, સાધુને સતત સન્માનિત કરે છે. જેમ પિતા પોતાની કન્યાને કરે છે. યત્ન પૂર્વક યોગ્ય કુળમાં સ્થાપિત કરે છે, તે સન્માનાર્હ, તપસ્વી, જિતેન્દ્રિય, સત્યપરાયણનું સન્માન કરે તે પૂજ્ય છે.

૪૬૯. જે મેધાવી મુનિ તે ગુણસાગર ગુરુના સુભાષિત સાંભળીને તદનુસાર આચરે છે, જે પાંચ મહાવ્રતરત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ચાર કષાયથી રહિત છે, તે પૂજ્ય છે.

૪૭૦. જિનમત નિપુણ અને અભિગમ કુશળ મુનિ આ લોકમાં સતત ગુરુની પરિચર્યા કરીને પૂર્વકૃત કર્મરજને ક્ષય કરી ભાસ્વર અને અતુલ સિદ્ધિ ગતિને પામે છે – તેમ હું કહું છું.

## અધ્યયન-૯, ઉદ્દેશો-૪

સૂત્ર-૪૭૧ , ૪૭૨

આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે, તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે કે – અહીં નિશ્ચે સ્થવિર ભગવંતોએ ચાર વિનય સમાધિસ્થાન કહેલા છે. સ્થવિર ભગવંતોએ કયા ચાર વિનય સમાધિસ્થાન કહેલા છે ? તે આ છે –

વિનય સમાધિ, શ્રુત સમાધિ, તપ સમાધિ, આચાર સમાધિ. જે જિતેન્દ્રિય છે, પંડિત છે, પોતાના આત્માને સદા વિનય, શ્રુત, તપ અને આચાર, એ ચાર સમાધિ સ્થાનોમાં નિરત રાખે છે.

સૂત્ર-૪૭૩ થી ૪૭૫

વિનય સમાધિ ચાર પ્રકારે હોય છે. તે આ પ્રમાણે –

૧. અનુશાસિત શિષ્ય, આચાર્યના વચનને સાંભળવા ઈચ્છે છે. ૨. અનુશાસનને સમ્યક્‌પણે સ્વીકારે છે.
૩. શાસ્ત્રને આરાધે છે. ૪. આત્મ પ્રશંસક હોતો નથી.

આ વિષયમાં શ્લોક પણ છે – આત્માર્થી મુનિ હિતાનુશાસનની પ્રેક્ષા કરે, સાંભળે, તેમાં જ અધિષ્ઠિત થાય, ઉન્માદથી ઉન્મત્ત ન થાય – કે હું વિનય સમાધિમાં પ્રવીણ છું.

સૂત્ર-૪૭૬ થી ૪૭૮

શ્રુત સમાધિ ચાર ભેદે હોય છે. તે આ પ્રમાણે – ૧. મને શ્રુત પ્રાપ્ત થશે, તેથી અધ્યયન કરવું ઉચિત છે.

૨. હું એકાગ્રચિત્ત થઈશ તેથી અધ્યયન કરવું ઉચિત છે. ૩. આત્માને સ્થાપિત કરીશ માટે અધ્યયન કરવું ઉચિત છે. ૪. બીજાને સ્વભાવમાં સ્થાપિત કરીશ માટે અધ્યયન કરવું ઉચિત છે.

આ ચોથું પદ છે. અહીં એક શ્લોક છે. જ્ઞાન થાય, એકાગ્ર ચિત્ત થાય, સ્થિત થાય છે, બીજાને સ્થિર કરે છે.

અનેક પ્રકારે શ્રુતનું અધ્યયન કરી, શ્રુત સમાધિમાં રત થઈ જાય છે.

સૂત્ર–૪૭૯ , ૪૮૦

તપ સમાધિ ચાર ભેદે હોય છે. તે આ પ્રમાણે – ૧. આલોકના પ્રયોજનથી તપ ન કરે ૨. પરલોકના પ્રયોજન થી તપ ન કરે ૩. કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લોકને માટે તપ ન કરે. ૪. નિર્જરા સિવાયના બીજા કોઈપણ ઉદ્દેશ્યથી તપ ન કરે. આ ચોથું પદ છે.

અહીં શ્લોક છે – સદૈવ વિવિધ ગુણવાળા તપમાં જે રત રહે છે, તે પૌદ્‌ગલિક ફળની આશા રાખતા નથી, કર્મ નિર્જરાર્થી હોય છે. તપ વડે પૂર્વકૃત પાપોને ખપાવે છે અને સદૈવ તપસમાધિથી યુક્ત રહે છે.

સૂત્ર–૪૮૧ થી ૪૮૪

આચાર સમાધિ નિશ્ચે ચાર ભેદે હોય છે. તે આ – ૧. આ લોકના નિમિત્તે આચાર પાલન ન કરે. ૨. પરલોક ના નિમિત્તે આચાર પાલન ન કરે. ૩. કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા નિમિત્તે આચાર પાલન ન કરે. ૪. આર્હત્‌ હેતુ સિવાયના બીજા કોઈ હેતુ નિમિત્તે આચાર પાલન ન કરે. આ ચોથું પદ છે.

અહીં શ્લોક છે – જે જિનવચનમાં રત છે, તે બડબડાટ કરતા નથી, જે જ્ઞાનથી પરિપૂર્ણ છે અને જે અતિશય આત્માર્થી છે, તે મન અને ઇન્દ્રિયોનું દમન કરનાર મુનિ આચાર સમાધિ દ્વારા સંવૃત્ત થઈને મોક્ષને અત્યંત નિકટ કરનારો હોય છે.

સુવિશુદ્ધ અને પોતાને સુસમાહિત રાખનાર સાધુ માટે સમાધિઓને જાણીને, પોતાને માટે વિપુલ, હિતકર, સુખાવહ અને કલ્યાણકર મોક્ષપદને પામે છે. જન્મ–મરણથી મુક્ત થઈ જાય છે. નરક આદિ બધા પર્યાયોને સર્વથા તજી દે છે અથવા શાશ્વત સિદ્ધ થઈ જાય છે. અથવા અલ્પ કર્મવાળો મહર્દ્ધિક દેવ થાય છે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૯ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૦ 'સભિક્ષુ'

## સૂત્ર-૪૮૫ થી ૪૮૯

૪૮૫. જે તીર્થંકર ભગવંતની આજ્ઞાથી પ્રવ્રજિત થઈને નિર્ગ્રન્થ પ્રવચનમાં સદા સમાહિત ચિત્ત રહે છે, જે સ્ત્રીઓને વશીભૂત થતો નથી, વમન કરેલા વિષય ભોગોને ફરી સેવતો નથી, તે ભિક્ષુ છે.

૪૮૬. જે સચિત્ત પૃથ્વીને ખોદતો નથી, બીજા પાસે ખોદાવતો નથી, સચિત્ત પાણી પીતો નથી કે પીવડાવતો નથી. અગ્નિને સળગાવતો નથી કે બીજા પાસે સળગાવડાવતો નથી તે ભિક્ષુ છે.

૪૮૭. જે વીંઝણા આદિથી હવા કરતો નથી કે કરાવતો નથી, વનસ્પતિનું છેદન કરતો નથી કે કરાવતો નથી. બીજ આદિનું સદા વિવર્જન કરતો સચિત્તનો આહાર કરતો નથી, તે ભિક્ષુ છે.

૪૮૮. ભોજન બનાવવામાં પૃથ્વી, તૃણ અને કાષ્ઠને આશ્રિતા રહેલા ત્રસ અને સ્થાવર જીવોનો વધ થાય છે. તેથી જે ઔદ્દેશિકાદિ દોષવાળા આહારનો ઉપભોગ કરતો નથી, તથા જે સ્વયં રાંધતો નથી કે બીજા પાસે રંધાવતો નથી, તે ભિક્ષુ છે.

૪૮૯. જો જ્ઞાતપુત્ર ભગવંત મહાવીરના વચનોમાં રુચિ રાખીને છ કાયિક જીવોને આત્મવત માને છે, જે પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. જે પાંચ આશ્રવોનું સંવરણ કરે છે, તે ભિક્ષુ છે.

## સૂત્ર-૪૯૦ થી ૪૯૪

૪૯૦. જે ચાર કષાયોનું વમન કરે છે, તીર્થંકરોના પ્રવચનમાં સદા ધ્રુવયોગી રહે છે, અકિંચન છે, સ્વયં સોના અને ચાંદીથી મુક્ત છે, ગૃહસ્થનો યોગ કરતો નથી, તે ભિક્ષુ છે.

૪૯૧. જે સમ્યગ્‌દૃષ્ટિ છે, જે સદા અમૂઢ છે, જ્ઞાન-તપ-સંયમમાં આસ્થાવાન છે, તથા તપથી પાપકર્મોને નષ્ટ કરે છે અને જે મન, વચન, કાયાથી સુસંવૃત્ત છે, તે ભિક્ષુ છે.

૪૯૨. પૂર્વોક્ત એષણા વિધિથી વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમને પામીને 'આ કાલે કે પરમદિવસે કામ આવશે' એવા વિચારથી જે તે આહારને સંચિત ન કરે, ન કરાવે તે ભિક્ષુ.

૪૯૩. પૂર્વોક્ત પ્રકારે વિવિધ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પામીને જે પોતાના સાધર્મિક સાધુને નિમંત્રિત કરીને ખાય છે, તથા ભોજન કરીને સ્વાધ્યાયમાં રત રહે છે, તે જ ભિક્ષુ છે.

૪૯૪. જે કલહ ઉત્પન્ન કરનારી કથા ન કરે અને કોપ પણ ન કરે, જેની ઈન્દ્રિયો નિભૃત રહે છે, જે પ્રશાંત રહે છે. જે સંયમમાં ધ્રુવયોગી છે, ઉપશાંત રહે છે અને જે ઉચિત કાર્યનો અનાદર કરતો નથી, તે ભિક્ષુ છે.

## સૂત્ર-૪૯૫ થી ૪૯૯

૪૯૫. જે સાધુ ઈન્દ્રિયોને કાંટા સમાન ખૂંચનારા આક્રોશ વચનો, પ્રહારો, તર્જનાઓ અને અતિ ભયોત્પાદક અટ્ટહાસ્યોને સહેનાર તથા સુખ-દુઃખને સમભાવપૂર્વક સહન કરી લે, તે ભિક્ષુ છે.

૪૯૬. જે સાધુ સ્મશાનમાં પ્રતિમા અંગીકાર કરીને ત્યાંના અતિ ભયોત્પાદક દશ્યોને જોઈને ભયભીત થતો નથી, તથા વિવિધ ગુણો અને તપમાં રત રહે છે, જે શરીરની પણ આકાંક્ષા નથી કરતા તે મુમુક્ષુ ભિક્ષુ છે.

૪૯૭. જે મુનિ વારંવાર દેહનો વ્યુત્સર્ગ અને મમત્વ ત્યાગ કરે છે. જે કોઈના દ્વારા આક્રોશ કરતા કે પીટાતા અથવા શસ્ત્રાદિથી ક્ષત-વિક્ષત કરાતા છતા પણ પૃથ્વીની સમાન સર્વસહા-ક્ષમાશીલ રહે છે. જે કોઈ પ્રકારનું નિયાણુ નથી કરતો, કૌતુક નથી કરતો તે જ ભિક્ષુ છે.

૪૯૮. જે સાધુ પોતાના શરીરથી પરીષહોને જીતીને જાતિપથ થકી પોતાનો ઉદ્ધાર કરી લે છે, જે જન્મ મરણ રૂપ સંસારને મહાભય જાણીને શ્રમણવૃત્તિને યોગ તપશ્ચર્યામાં રત રહે છે, તે ભિક્ષુ છે.

૪૯૯. જે સાધુ હાથથી, પગથી, વાણીથી અને ઇન્દ્રિયોથી સંયત છે, અધ્યાત્મમાં રત છે, જેની આત્મા સમ્યક્ રૂપથી સમાધિસ્થ છે અને જે સૂત્ર તથા અર્થને વિશેષ રૂપે જાણે છે, તે ભિક્ષુ છે.

સૂત્ર–૫૦૦ થી ૫૦૫

૫૦૦. જે સાધુ વસ્ત્રાદિ ઉપધિમાં મૂર્ચ્છિત નથી, અગૃદ્ધ છે, અજ્ઞાત કુળોથી ભિક્ષાની એષણા કરે છે, સંયમને નિસ્સાર કરી દેનારા દોષોથી રહિત છે. ક્રય–વિક્રય અને સંનિધિથી રહિત છે તથા બધા પ્રકારના સંગોથી મુક્ત છે, તે ભિક્ષુ છે.

૫૦૧. જે ભિક્ષુ લોલુપતા રહિત છે, રસોમાં ગૃદ્ધ નથી, અજ્ઞાત કુળોમાં ભિક્ષાચારી છે, અસંયમી જીવનની આકાંક્ષા કરતા નથી, ઋદ્ધિ–સત્કાર અને પૂજાનો ત્યાગ કરે છે, જે સ્થિતાત્મા છે અને છળથી રહિત છે, તે ભિક્ષુ છે.

૫૦૨. 'પ્રત્યેક વ્યક્તિના પુન્ય–પાપ પૃથક્ પૃથક્ હોય છે' એમ જાણીને, જે બીજાને એમ નથી કહેતા કે કુશીલ છે, તથા જેનાથી બીજો કુપિત થાય, એવી વાત પણ કરતા નથી અને જે પોતાની આત્માને સર્વોત્કૃષ્ટ માનીને અહંકાર કરતો નથી, તે ભિક્ષુ છે.

૫૦૩. તે જાતિનો મદ ન કરે, રૂપનો મદ ન કરે, લાભનો મદ ન કરે, શ્રુતનો મદ ન કરે, જે બધા મદોનો ત્યાગ કરી કેવળ ધર્મ–ધ્યાનમાં રત રહે છે, તે ભિક્ષુ છે.

૫૦૪. જે મહામુનિ શુદ્ધ ધર્મનો ઉપદેશ કરે છે, સ્વયં ધર્મમાં સ્થિત થઈને બીજાને ધર્મમાં સ્થાપિત કરે છે. જે પ્રવ્રજિત થઈને કુશીલ લિંગને છોડી દે છે તથા હાસ્યોત્પાદક કુતૂહલપૂર્ણ ચેષ્ટા કરતો નથી, તે ભિક્ષુ છે.

૫૦૫. પોતાના આત્માને સદા શાશ્વત હિતમાં સુસ્થિત રાખનારો પૂર્વોક્ત ભિક્ષુ આ અશુચિ અને અશાશ્વત દેહવાસને સદાને માટે છોડી દે છે, તથા જન્મ–મરણના બંધનનું છેદન કરી અનુપરાગમન નામક સિદ્ધિગતિને પામે છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૦ નો અનુવાદ પૂર્ણ

# ચૂલિકા-૧ 'રતિવાક્ય'

### સૂત્ર–૫૦૬

હે સાધકો ! આ નિર્ગ્રન્થ પ્રવચનમાં જે પ્રવ્રજિત થયેલ છે, પણ કદાચિત દુઃખ ઉત્પન્ન થતા સંયમમાં તેમનું ચિત્ત અરતિયુક્ત થઈ જાય, તેથી તે સંયમનો પરિત્યાગ કરવા ઇચ્છે છે, પણ સંયમ તજ્યો નથી તેને પહેલાં આ અઢાર સ્થાનોનું સમ્યક્ પ્રકારે આલોચન કરવું જોઈએ.

આ અઢાર સ્થાનો અશ્વ માટે લગામ, હાથી માટે અંકુશ, જહાજ માટે પતાકા સમાન છે. જેમ કે –

૧. દુઃષમ આરામાં જીવન દુઃખમય છે. ૨. ગૃહસ્થના કામભોગ અસાર અને અલ્પકાલિક છે. ૩. મનુષ્ય પ્રાયઃ કપટ બહુલ છે. ૪. મારું આ દુઃખ ચિરકાળ સ્થાયી નહીં હશે. ૫. સંયમ છોડવાથી નીચજનોનો પુરસ્કાર સત્કાર કરવા પડશે.

૬. સંયમ છોડીને ઘેર જવું એટલે – વમન કરેલાને ફરી પીવું. ૭. નીચ ગતિઓમાં નિવાસનો સ્વીકાર કરવો. ૮. ગૃહવાસમાં ગૃહસ્થોને માટે શુદ્ધ ધર્મ નિશ્ચે દુર્લભ છે. ૯. ત્યાં આતંક–વ્યાધિ, તેના વધનું કારણ થાય છે. ૧૦. ત્યાં સંકલ્પ–વિકલ્પ વધને માટે થાય છે.

૧૧. ગૃહવાસ કલેશયુક્ત છે અને મુનિપર્યાય કલેશ રહિત છે. ૧૨. ગૃહવાસ બંધ છે અને શ્રમણપર્યાય મોક્ષ છે. ૧૩. ગૃહવાસ સાવદ્ય છે પણ મુનિ પર્યાય નિરવદ્ય છે. ૧૪. ગૃહસ્થના કામભોગ બહુજન સાધારણ છે. ૧૫. પ્રત્યેકના પુન્ય–પાપ પોતપોતાના છે.

૧૬. મનુષ્યોનું જીવન ઘાસના અગ્રભાગે સ્થિત જળબિંદુ સમાન ચંચળ છે, નિશ્ચે અનિત્ય છે. ૧૭. મેં પૂર્વે ઘણા જ પાપકર્મો કર્યા છે. ૧૮. ઓહ ! દુષ્ટ ભાવથી આચરિત તથા દુષ્પરાક્રમથી અર્જિત પૂર્વકૃત્ પાપકર્મોના ફળ ભોગવ્યા પછી જ મોક્ષ થાય છે, ભોગવ્યા વિના નહીં. અથવા તપ દ્વારા તે પૂર્વકર્મોનો ક્ષય કરવાથી જ મોક્ષ થાય છે.

### સૂત્ર–૫૦૭ થી ૫૧૪

૫૦૭. જ્યારે અનાર્ય – સાધુ ભોગોને માટે ચારિત્ર ધર્મને છોડે છે, ત્યારે તે ભોગોમાં મૂર્ચ્છિત બનેલો અજ્ઞ પોતાના ભાવિને સમ્યક્ સમજતો નથી.

૫૦૮. જ્યારે કોઈ સાધુ ઉત્પ્રવ્રજિત થાય છે, ત્યારે તે બધા ધર્મોથી પરિભ્રષ્ટ થઈને એવી રીતે પસ્તાવો કરે છે, જે રીતે આયુષ્ય પૂર્ણ થતા દેવલોકના વૈભવથી ચ્યુત થઈને પૃથ્વી ઉપર પડેલો ઇન્દ્ર.

૫૦૯. જ્યારે સાધુ પ્રવ્રજિત હોય ત્યારે વંદનીય હોય છે, તે જ સંયમ છોડીને અવંદનીય થઈ જાય છે, ત્યારે તે એ જ પ્રકારે પસ્તાવો કરે છે, જે રીતે પોતાના સ્થાનથી ચ્યવેલ દેવ.

૫૧૦. પ્રવ્રજિત સ્થિતિમાં સાધુ પહેલાં પૂજ્ય હોય છે. તે જ પછી ઉત્પ્રવ્રજિત થઈને અપૂજ્ય થઈ જાય છે, ત્યારે તે રાજ્યથી ભ્રષ્ટ થયેલ રાજાની જેમ પરિતાપ કરે છે.

૫૧૧. પ્રવ્રજિત સ્થિતિમાં પહેલાં સાધુ માનનીય હોય છે, તે જ ઉત્પ્રવ્રજિત થઈને અમાનવીય થઈ જાય છે, ત્યારે કર્બટમાં નજર કેદ કરાયેલ શેઠની માફક પસ્તાવો કરે છે.

૫૧૨. ઉત્પ્રવ્રજિત વ્યક્તિ યૌવન વય વ્યતીત થઈ જતા જ્યારે વૃદ્ધ થઈ જાય છે, ત્યારે કાંટાને ગળી ગયેલા મત્સ્યની જેમ પસ્તાવો કરે છે.

૫૧૩. ઉત્પ્રવ્રજિત વ્યક્તિ દુષ્ટ કુટુંબની કુત્સિત ચિંતાઓથી પ્રતિહત થાય છે, ત્યારે તે બંધનમાં બદ્ધ હાથીની જેમ પસ્તાવો કરે છે.

૫૧૪. પુત્ર અને સ્ત્રીથી ઘેરાયેલો, મોહની પરંપરાથી વ્યાપ્ત તે ઉત્પ્રવ્રજિત થયા પછી કાદવમાં ફસાયેલા

હાથીની જેમ પરિતાપ કરે છે.

**સૂત્ર–૫૧૫ થી ૫૨૦**

૫૧૫. જો હું ભાવિતાત્મા અને બહુશ્રુત થઈને જિનોપદિષ્ટ શ્રામણ્ય પર્યાયમાં રમણ કરત તો આજે હું ગણિ–આચાર્ય હોત.

૫૧૬. સંયમરત મહર્ષિને માટે મનુ પર્યાય દેવલોક સમાન છે. જે સંયમમાં રત થતા નથી, તેને મહા નરક સમાન થાય છે. તેથી –

૫૧૭. મુનિ પર્યાયમાં રત રહેનારનું સુખ દેવો સમાન ઉત્તમ જાણીને તથા રત ન રહેનારનું દુઃખ નરક સમાન તીવ્ર જાણીને પંડિત મુનિ મુનિપર્યાયમાં જ રમણ કરે.

૫૧૮. જેની દાઢાઓ કાઢી લેવાઈ હોય તે ઘોર વિષધરની સાધારણ અજ્ઞાની જન પણ અવહેલના કરે છે, તેમ ધર્મભ્રષ્ટ, શ્રામણ્યલક્ષ્મી રહિત, બુઝેલ યજ્ઞાગ્નિ સમાન નિસ્તેજ અને દુર્વિહિત સાધુને કુશીલો પણ નિંદે છે.

૫૧૯. શ્રમણધર્મથી ચ્યુત, અધર્મસેવી અને ચારિત્રને ભંગ કરનાર, આ લોકમાં જ અધર્મી કહેવાય છે, તેમનો અપયશ અને અપકીર્તિ થાય છે, સામાન્ય લોકોમાં પણ દુર્નામ થાય છે, અંતે તેની અધોગતિ થાય છે.

૫૨૦. તે સંયમભ્રષ્ટ સાધુ આવેશપૂર્ણ ચિત્તથી ભોગ ભોગવીને તથાવિધ ઘણા અસંયમ કૃત્યો સેવીને દુઃખપૂર્ણ અનિષ્ટ ગતિમાં જાય છે, વારંવાર જન્મ–મરણ કરવા છતાં તેને બોધિ સુલભ થતી નથી.

**સૂત્ર–૫૨૧ થી ૫૨૪**

૫૨૧. દુઃખથી યુક્ત અને કલેશમય મનોવૃત્તિવાળા આ જીવનું નરક સંબંધી પલ્યોપમ અને સાગરોપમ આયુ પણ સમાપ્ત થઈ જાય છે, તો હે જીવ! મારું આ મનોદુઃખ તો છે જ કેટલું?

૫૨૨. મારું આ દુઃખ દીર્ઘકાળ સુધી રહેવાનું નથી. કેમ કે જીવોની ભોગતૃષા અશાશ્વત છે. જો તે આ શરીરથી તૃપ્ત ન થઈ, તો મારા જીવનના અંત સમયે તે અવશ્ય મટી જશે.

૫૨૩. જેનો આત્મા આ પ્રકારે નિશ્ચિત હોય છે, તે શરીર તો છોડી શકે છે, પણ ધર્મશાસન છોડી શકતો નથી. આવા દૃઢપ્રતિજ્ઞને વેગપૂર્ણ ગતિથી આવતા વાયુથી અવિચલિત મેરુ પર્વતવત્ તેની ઇન્દ્રિયો અવિચલિત રહે છે.

૫૨૪. બુદ્ધિમાન મનુષ્ય આ પ્રમાણે સમ્યક્ વિચારી, વિવિધ પ્રકારના લાભ અને તેના ઉપાયોને વિશેષરૂપે જાણીને, ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને જિનવચનનો આશ્રય લે છે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ ચૂલિકા-૧ નો અનુવાદ પૂર્ણ

# ચૂલિકા-૨ 'વિવિક્તચર્યા'

## સૂત્ર-૫૨૫ થી ૫૨૮

૫૨૫. હું તે ચૂલિકાને કહીશ, જે શ્રુત છે, કેવલિભાષિત છે, જેને સાંભળીને પુન્યશાળી જીવોની ધર્મમાં મતિ ઉત્પન્ન થાય છે.

૫૨૬. ઘણા લોકો અનુસ્રોત-સંસાર સમુદ્રમાં પ્રતિ પ્રસ્થાન કરી રહ્યા છે, પરંતુ જે મુક્ત થવા ઇચ્છે છે, જેને પ્રતિસ્રોત-સંયમ પ્રવાહમાં ગતિ કરવાનું લક્ષ્ય પ્રાપ્ત થાય છે, તેણે પોતાના આત્માને પ્રતિસ્રોત પ્રતિ લઈ જવો.

૫૨૭. અનુસ્રોત સંસાર છે, પ્રતિસ્રોત તેનો ઉત્તર છે. સાધારણ સંસારીજનને અનુસ્રોત ચાલવામાં સુખાનુભૂતિ થાય, પરંતુ સુવિહિત સાધુઓને માટે આશ્રવ પ્રતિસ્રોત થાય છે. - તેથી -

૫૨૮. આચાર પાલનમાં પરાક્રમ કરીને તથા સંવરમાં પ્રચૂર સમાધિયુક્ત થઈને, સાધુઓએ પોતાની ચર્યા, ગુણો તથા નિયમો પ્રતિ દૃષ્ટિપાત કરવો જોઈએ.

## સૂત્ર-૫૨૯ થી ૫૩૩

૫૨૯. અનિયત વાસ, સમુદાન ચર્યા, અજ્ઞાત કુળોથી ભિક્ષાગ્રહણ, એકાંત સ્થાનમાં નિવાસ, અલ્પ ઉપધિ અને કલહ વિવર્જન. આ વિહારચર્યા ઋષિઓને માટે પ્રશસ્ત છે.

૫૩૦. આકીર્ણ અને અવમાન નામક ભોજનનું વિવર્જન તથા પ્રાયઃ દૃષ્ટિસ્થાનથી લવાયેલ ભોજન-પાનનું ગ્રહણ ઋષિઓ માટે પ્રશસ્ત છે. ભિક્ષુ સંસૃષ્ટકલ્પથી જ ભિક્ષાચર્યા કરે.

૫૩૧. સાધુ મદ્ય અને માંસનો અભોજી હોય, અમત્સરી હોય, વારંવાર વિગઈઓનું સેવન ન કરનાર હોય, વારંવાર કાયોત્સર્ગ કરનારો અને સ્વાધ્યાયને માટે યોગોદ્વહનમાં પ્રયત્નશીલ હોય.

૫૩૨. સાધુ ગૃહસ્થને એવી પ્રતિજ્ઞા ન કરાવે કે આ શયન, આસન, શય્યા, નિષદ્યા, ભોજન-પાન આદિ હું પાછો આવું ત્યારે મને જ આપવા. કોઈ ગામ, નગર, કુળ, દેશ કે કોઈપણ સ્થાનમાં મમત્વ ન કરે.

૫૩૩. મુનિ ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરે, અભિવાદન, વંદન અને પૂજન પણ ન કરે. મુનિ સંકલેશ રહિત સાધુઓ સાથે રહે, જેથી તેના ચારિત્રાદિ ગુણોની હાનિ ન થાય.

## સૂત્ર-૫૩૪ થી ૫૪૦

૫૩૪. કદાચિત્ ગુણોમાં અધિક અથવા ગુણોમાં સમાન નિપુણ સહાયક સાધુ ન મળે તો પાપકર્મોને વર્જિત કરતો, કામભોગોમાં અનાસક્ત રહીને એકલો જ વિચરણ કરે.

૫૩૫. વર્ષાકાળમાં ચાર માસ અને અન્ય ઋતુઓમાં એક માસ રહેવાનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. તેથી જ્યાં ચાતુર્માસ કે માસકલ્પ કરેલ હોય ત્યાં બીજા વર્ષે ચાતુર્માસ કે માસકલ્પ રહેવું ન જોઈએ.

સૂત્રનો અર્થ જે પ્રકારે આજ્ઞા આપે, ભિક્ષુ તે જ પ્રકારે સૂત્રના માર્ગથી ચાલે.

૫૩૬. જે સાધુ રાત્રિના પહેલાં અને છેલ્લા પ્રહરમાં પોતાના આત્માનો પોતાના આત્મા દ્વારા સંપ્રેક્ષણ કરે છે કે, મેં શું કરવા યોગ્ય કૃત્ય કરેલ છે ? મારા માટે કયુ કૃત્ય બાકી રહેલ છે ? તે કયુ કાર્ય છે, જે મારા દ્વારા શક્ય છે, પરંતુ હું પ્રમાદવશ કરતો નથી ?

૫૩૭. શું મારી સ્ખલનાને બીજું કોઈ જુવે છે ? કે શું મારી ભૂલને હું સ્વયં જોઉં છું ? અથવા કોઈ સ્ખલના હું તજી નથી રહ્યો ? આ પ્રમાણે આત્માનું સમ્યક્ અનુપ્રેક્ષણ કરતો મુનિ અનાગત કાળમાં કોઈ પ્રકારનો પ્રતિબંધ ન કરે

૫૩૮. જ્યાં પ્રતિલેખન, પ્રતિક્રમણ આદિ જે ક્રિયાઓમાં પણ કાયાથી, વાણીથી અથવા મનથી પોતાને દુષ્પ્રયુક્ત જુએ, ત્યાં જ તે ક્રિયામાં ધીર સાધક સ્વયં જલદી અટકી જાય, જેમ જાતિવાન અશ્વ, લગામ ખેંચતા જ શીઘ્ર

અટકી જાય છે.

૫૩૯. જે જિતેન્દ્રિય, ધૃતિમાન, સત્પુરુષના મન, વચન, કાયાના યોગ સદા આવા પ્રકારના રહે છે, તેને લોકમાં પ્રતિબુદ્ધજીવી કહે છે. તે પ્રતિબુદ્ધજીવી જ વાસ્તવમાં સંયમી જીવન જીવે છે.

૫૪૦. સમસ્ત ઇન્દ્રિયોને સુસમાહિત કરીને આત્માની સતત રક્ષા કરવી જોઈએ. કેમ કે અરક્ષિત આત્મા જન્મ–મરણની પરંપરાને પ્રાપ્ત થાય છે અને સુરક્ષિત આત્મા બધા દુઃખોથી મુક્ત થઈ જાય છે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ ચૂલિકા-૨ નો અનુવાદ પૂર્ણ

## મુનિ દીપરત્નસાગરે કરેલ દશવૈકાલિકસૂત્રનો અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-૮૨
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૨

# દશવૈકાલિક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397